# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૩ * નવેમ્બર, ૨૦૨૦



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેવી રીતે ધૂળધોયો ધૂળ શોધીને સોનું—ચાંદી ગ્રહણ કરે છે, અગ્નિ ધાતુને ગાળીને સોનું જુદું પાડે છે, કાદવમાં નિર્મળી નાખવાથી તે પાણીને સાફ કરીને મેલ દૂર કરી દે છે, દહીંનું મંથન કરનાર દહીં મથીને માખણ કાઢી લે છે, હંસ દૂધ પી લે છે અને પાણી છોડી દે છે. તેવી જ રીતે જ્ઞાનીઓ ભેદવિજ્ઞાનના બળથી આત્મ-સંપદા ગ્રહણ કરે છે અને રાગ-દ્વેષ આદિ અથવા પુદ્ગલાદિ પરપદાર્થોને ત્યાગી દે છે. ૧૮૨૭. (શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સંવર દ્વાર, પદ-૧૦)

● જિતને ભી પદાર્થ હૈ વે સબ અચેતન હૈ. ચેતન તો કેવલ એક જીવ હી હૈ, ઔર વહી સારભૂત હૈ. ઉસકો જાનકર પરમ મુનિ શીઘ્ર હી સંસારસે પાર હોતા હૈ. ૧૮૨૮. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૩૬)

● જીવોનો સાચો સ્વાર્થ પોતાના સ્વરૂપમાં સ્થિર થવામાં છે, ક્ષણભંગુર ભોગો ભોગવવામાં નથી. ભોગો ભોગવવાથી તો તૃષ્ણા વધી જાય છે, સંતાપની શાંતિ થતી નથી. હે સુપાર્શ્વનાથ ! આપે આવો ઉપદેશ દીધો છે. ૧૮૨૯.

(શ્રી સમંતભદ્ર આચાર્ય, સ્વયંભૂ સ્તોત્ર, શ્લોક-૩૧)

● જે ઈન્દ્રિયોના વિષયોથી, ત્રસ-સ્થાવર જીવોની હિંસાથી વિરક્ત નથી, પરંતુ જિનેન્દ્રદેવ દ્વારા કહેલાં પ્રવચનનું શ્રદ્ધાન કરે છે તે અવિરત સમ્યગ્દૃષ્ટિ છે. ૧૮૩૦.


(શ્રી ગોમ્મટસાર-જીવકાંડ, ગાથા-૨૯)

● જે ઔષધિ રોગને દૂર કરી શકે નહિ તે ખરેખર ઔષધિ નથી. જે જળ તૃષાને દૂર કરી શકે નહિ તે ખરેખર જળ નથી અને જે ધન આપત્તિનો નાશ કરી શકે નહિ તે ખરેખર ધન નથી. તેવી જ રીતે જે વિષયથી ઉત્પન્ન થયેલું સુખ તૃષ્ણાનો નાશ કરી શકે નહિ તે ખરેખર સુખ નથી. ૧૮૩૧.

(શ્રી જિનસેન આચાર્ય, આદિ પુરાણ, પાનું-૨૪૨, શ્લોક ૧૬૮-૧૬૯)

● જિનશાસનમેં જિનેન્દ્રદેવને ઈસ પ્રકાર કહા હૈ કિ પૂજા આદિકમેં ઔર વ્રત સહિત હોના હૈ વહ તો 'પુણ્ય' હી હૈ તથા મોહકે ક્ષોભસે રહિત જો આત્માકા પરિણામ વહ 'ધર્મ' હૈ. ૧૮૩૨. (શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૮૩)

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
વર્ષ–૧૫
અંક–૩
વિ. સંવત
૨૦૭૫
November
A.D. 2020
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર



## વીર માર્ગે જઈએ

મહાવીર ભગવાન મોક્ષ પામ્યા, એ વીરનિર્વાણનું ૨૫૪૭મું વર્ષ બેઠું. વીરનિર્વાણનું આ બેસતું વર્ષ કારતક સુદ એકમે નહિ પણ આસો વદ અમાસે બેઠું. ભગવાન એ દિવસે (પરોઢિયે) મોક્ષ પધાર્યા હતા.

જે દિવસે ભગવાન મોક્ષ પધાર્યા, ગૌતમ ગણધર તે જ દિવસે કેવળજ્ઞાન પામ્યા.

અને જે દિવસે ગણધરજી કેવળજ્ઞાન પામ્યા, સુધર્માચાર્ય તે જ દિવસે શ્રુતકેવળી થયા.

એટલે મોક્ષપદ, અરિહંતપદ ને શ્રુતકેવળીપદ ત્રણેનો ઉત્સવ એક જ દિવસે–આસો વદ અમાસે થયો. એ દિવસે આપણે પણ એ ત્રણે પદની ભાવના ભાવીને જ્ઞાનદીપક પ્રગટાવીએ...આત્માને દીપાવીએ ને એ રીતે દીપાવલીપર્વ ઉજવીએ. આત્મામાં નવા નવા મંગલ ભાવો પ્રગટાવીને નવું વર્ષ બેસાડીએ.. ને વીરમાર્ગે જઈએ. શ્રદ્ધા-જ્ઞાનના ઊજ્જ્વળ દીપકોથી ધર્મીનું જીવન દીપી રહ્યું છે. એ શ્રદ્ધાદીપ ને જ્ઞાનજ્યોત પ્રગટાવવાની રીત પૂજ્ય ગુરુદેવશ્રી જેવા સંતો આપણને દેખાડી રહ્યા છે... વીરપ્રભુ જે માર્ગે સિદ્ધપુરીમાં સીધાવ્યા તે માર્ગે પોતે જઈ રહ્યા છે ને આપણને પણ સાથે આવવા કહે છે કે તમે પણ આ વીરમાર્ગે ચાલ્યા આવો.

ચાલો, એ વીરમાર્ગપ્રકાશી સંતોની સાથે આપણેય વીરમાર્ગે જઈએ.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**(સમયસાર ગાથા ૯૬ ઉપર પ્રવચન)**

## ત્રિકાળી અનુભૂતિને અનુચિત એવા ક્રોધાદિનો કર્તા થતો અજ્ઞાની

જેમ જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવો પુરુષ પોતાને ને ભૂતને એક કરતો થકો, મનુષ્યને અનુચિત એવા અમાનુષ વ્યવહારનો કર્તા પ્રતિભાસે છે; તેમ સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય ભગવાન આત્માના અજ્ઞાનને લીધે અજ્ઞાની ક્રોધાદિ પરને ને આત્માને એક કરતો થકો, ત્રિકાળી અનુભૂતિમાત્ર જે ચેતન ભાવક તેને અનુચિત એવા અચેતન કર્મરૂપ ભાવકનું ભાવ્ય જે ક્રોધ-માન-માયા આદિ ભાવો તેનો કર્તા પ્રતિભાસે છે. વળી જેમ કોઈ પુરુષ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી પાડાનું ધ્યાન ધરતો થકો, અજ્ઞાનને લીધે પાડાને ને પોતાને એક કરતો થતો હું મોટા શિંગડાવાળો પાડો છું એવા અધ્યાસને લીધે એ ભાવોનો કર્તા પ્રતિભાસે છે. તેમ દયા-દાન-વ્રત-ભક્તિ આદિ શુભરાગથી ધર્મ થાય એમ માનનારા અપરીક્ષક ઉપદેશકના ઉપદેશથી, અજ્ઞાનને લીધે અજ્ઞાની જીવ ભ્રમવશ સ્ત્રી-પુત્ર-પૈસા આદિ તથા ધર્માસ્તિકાય આદિ જ્ઞેયને અને જ્ઞાયકને એક કરતો થકો પરપદાર્થોમાં એકાકાર થયો થકો તે ભાવોનો કર્તા પ્રતિભાસે છે. એ રીતે ક્રોધાદિ તથા ધર્માસ્તિ આદિ ભાવોના કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.

સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન ભગવાન આત્માના અજ્ઞાનને લીધે, મૃતક કલેવરમાં મૂર્છિત થયો થકો, ક્રોધાદિ પરભાવોનો કર્તા પ્રતિભાસે છે. તેથી એ કર્તાપણાનું મૂળ અજ્ઞાન છે એમ અહીં કહે છે.

**જો અતિ એકીભાવ ભયો માનો અનિવારી,**
**સો મુજ કર્મ પ્રબંધ કરત ભવભવ દુઃખ ભારી;**

જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,
નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.

ખરેખર એ રીતે એટલે કે સત્યાર્થ રીતે જોઈએ તો 'હું ક્રોધ છું'—ઈત્યાદિ માન્યતા મિથ્યાત્વ છે. 'હું જ્ઞાનાનંદ વીતરાગ મૂર્તિ છું'—એવું ભૂલીને દયા-દાન આદિનો રાગભાવ કે દ્વેષ આદિ મારા છે એવો વિકલ્પ કરે છે તે વિકલ્પનો કર્તા થાય છે. તેથી એ કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.

રાગાદિથી જેને ભેદજ્ઞાન નથી ને રાગાદિને આત્માથી અભેદ માનીને વિકાર પરિણામનો કર્તા થાય છે એ મિથ્યાત્વ છે ને તેમાં અનંતા જન્મમરણ કરવાની તાકાત છે. દયા-દાન આદિનો રાગ છે એ મારો છે એમ પરભાવને પોતારૂપ કરે છે એ અજ્ઞાન છે. જોકે ભગવાન આત્મા રાગાદિથી તથા છ દ્રવ્યના સંબંધથી રહિત છે. ક્રોધાદિ ૧૭ બોલ અને ધર્માસ્તિ આદિ છ બોલ—એ ત્રેવીસે બોલના સંબંધથી રહિત ભગવાન આત્મા બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય આત્મા છે. જેનું જ્ઞાન મર્યાદા રહિત અપરિમિત છે એવો બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય આત્મા હોવા છતાં અજ્ઞાનને લીધે જ 'હું આવો છું'—એમ એને ખબર નથી તેથી ક્રોધાદિ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામરૂપ વિકલ્પવાળો હોવાથી તે પ્રકારના પોતાના વિકારી ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય જે ભગવાન આત્મા તેને નહિ જાણતો થકો, જે પોતામાં નથી એવા સવિકારી અને સોપાધિક ભાવોનો કર્તા પ્રતિભાસે છે. જે તારા નથી એવા દયા-દાન આદિ રાગને તારા માનીને મૂઢપણે તેનો કર્તા થાય છે અરે ! તું તો અનંત અનંત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છો પણ તેની તને ખબર નથી ને જે તારા નથી એવા દયા-દાન આદિ ભાવનો તું અજ્ઞાનપણે કર્તા થઈને અનંત સંસારમાં રખડી રહ્યો છે.

પ્રભુ ! તારામાં નથી એવા શુભાશુભ રાગ અને પરદ્રવ્યના વિકલ્પનો કર્તા થા છો તે અજ્ઞાન છે. પ્રભુ ! તું પ્રભુ છો. તારી એક-એક શક્તિમાં પ્રભુતા ભરી છે, તેને ભૂલીને દયા-દાન આદિની પામરતાના ભાવનો કર્તા થા છો, તેથી રખડી રહ્યો છો. પ્રભુ ! તું કોણ ? તું રાગ ? તું દયા-દાન પરિણામ ? તું પર જીવ ? મન તું ? ભાષા તું ! કે ના; તું તો બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છો. ધાતુ એટલે ચૈતન્યપણું-સર્વજ્ઞપણું ધારી રાખનારો તું છો. અનંતા અનંતા બેહદ ગુણોને ધારી રાખનારો એવો તું છો. તેને ભૂલીને આ રાગ મારો, પુણ્યભાવ મારા—પ્રભુ ! આ તેં શુ કર્યું ? અજ્ઞાનપણે તું તેનો કર્તા થયો. ક્રોધ,

**તાહિ તિહારી ભક્તિ જગતરવિ જો નિરવારૈ,**
**તો અબ ઔર કલેશ કૌન સો નાહિં વિદારૈ. ૧.**
કલ્યાણ-કલ્પદ્રુમ-
એકીભાવ સ્તોત્ર

માન, માયા, આદિ સત્તર બોલ અને તે સિવાય જે વિકલ્પ ઊઠે એ પરદ્રવ્ય છે. પ્રભુ ! તેની સાથે તારો કાંઈ સંબંધ નથી, પણ તેની સાથે સંબંધ છે એમ અજ્ઞાનપણે જે રાગાદિ થાય તેનો તું કર્તા થઈ રહ્યો છો. પ્રભુ ! તું તો અમૃતનો સાગર છો ને આ શરીર તો મૃતક ક્લેવર છે, એમાં તું ક્યાં મૂર્છાયો ? પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન આત્મા અંદર છે કે જેમાં દયા-દાન આદિના વિકલ્પોનો પણ પ્રવેશ નથી એવો તું છો. પરમ અમૃતરૂપ, પરમ આનંદરૂપ, પરમ અતીન્દ્રિય આનંદરૂપ, વિજ્ઞાનઘન પ્રભુ મડદામાં મૂર્છાઈ ગયો. અરેરે !

પ્રભુ ! તું તો સમસ્ત પરદ્રવ્યોના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય વિજ્ઞાનઘન છો અને દયા-દાન આદિ રાગ-દ્વેષ તથા શરીર એ બધા મડદા છે, ચૈતન્યના પ્રાણથી રહિત છે. તેની સાથે તારો કોઈ સંબંધ નથી. આમ હોવા છતાં મકાન મારા, પૈસા મારા, દાગીના મારા, અરે પ્રભુ ! આ તને શું થયું ? પ્રભુ ! તું તો અમૃતનો સાગર પ્રભુ છે ને આ ક્યાં મૂર્છાયો ? આહાહા ! સંતોની કરુણા તો જુઓ !

અનંત અનંત અનંત અનંત અનંત એવો બેહદ ચૈતન્યસ્વભાવી પ્રભુ તું છો. તારે ને સમસ્ત પરને કાંઈ સંબંધ નથી. બેહદ જ્ઞાન, બેહદ પ્રભુતા, બેહદ ઈશ્વરતાથી ભરેલો પ્રભુ તું છો. તારે ને રાગને કાંઈ સંબંધ નથી, પણ તારા સ્વરૂપની તને ખબર નથી, તેથી રાગને તારો માનીને કર્તા થઈ રહ્યો છો. પ્રભુ ! તું ક્યાં મૂર્છાઈ ગયો ? રાગ કે જે તારું સ્વરૂપ નથી તેમાં તું મૂર્છાઈ ગયો ! આ શું થયું તને ? તું તો ચૈતન્યહીરલો મહાપ્રભુ છો.

(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૫ થી ચાલુ) (ઇષ્ટોપદેશ પ્રવચન)

અહા ! સ્વને ભૂલીને જ્યાં પરમાં નિજ-પરનો ભેદ પડ્યો, મારા ને તારાનો ભાગ પડ્યો ત્યાં મિથ્યાત્વનો રાગ-દ્વેષ થાય છે. અને તેવી રીતે હું ભલો ને બીજા બધા ખરાબ એમ માનતાં પણ મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. ભાઈ, તને ભ્રમણા થઈ છે. હું જ્ઞાન ને તે જ્ઞેય—એમ માન ને ભાઈ ! પરપદાર્થ ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, પંચ પરમેષ્ઠિ હો, નિગોદ હો કે શત્રુ હો—બધા આત્માના જ્ઞાનના જ્ઞેય છે. પણ આ ઠીક છે કે આ અઠીક એવું વસ્તુમાં નથી. તેમ જ અહીં સમ્યગ્જ્ઞાનમાં પણ નથી. છતાં તે પરિણામમાં ઠીક-અઠીક માની રાગ-દ્વેષ ઉભા કર્યા છે.

(ક્રમશઃ) ❊

તુમ જિન જોતિસ્વરૂપ દુરિતઅંધિયારિનિવારી,
સો ગણેશ ગુરૂ કહૈં તત્ત્વવિદ્યાધનધારી;




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૩-૫-૪૪, રવિવાર) વ્યાખ્યાન નં. ૨૪
(ગાથા ૩૮)



જેમ જિનમંદિર પૂરું થતાં તેના ઉપર સોનાનો કળશ ચડાવે, તેમ અહીં આ ગાથા પૂરી થતાં હવે શ્રી પદ્મપ્રભમલધારિદેવ એક કળશ કહે છે :—

(માલિની)

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः ।।५४।।**

સર્વ તત્ત્વોમાં સારભૂત એક સમયસાર (અર્થાત્ શુદ્ધાત્મા) જયવંત વર્તે છે. કેવો છે સમયસાર ? સંપૂર્ણ વિલય અર્થાત્ વિકારોથી દૂર છે, જેનો નાશ કરવો કઠણ છે એવા કામદેવને નષ્ટ કરી દીધો છે, પુણ્ય-પાપ અને અજ્ઞાનરૂપી જે દુરિતવૃક્ષ તેને કાપવા માટે કૂહાડા સમાન છે, શુદ્ધજ્ઞાનનો અવતાર છે, સુખથી ભરેલો સમુદ્ર છે અને કલેશના સમુદ્રથી પાર છે.

આજે સમવસરણમાં શ્રી સીમંધરભગવાન અને શ્રીકુંદકુંદાચાર્ય ભગવાનની સ્થાપનાનો માંગળિક દિવસ છે, ને આ શ્લોક પણ મંગળ આવ્યો છે. શ્રીઆચાર્યદેવ કહે છે કે બધાય તત્ત્વોમાં ઉત્કૃષ્ટરૂપ આ સમયસાર જયવંત વર્તે છે. શુદ્ધ આત્મામાં નવ તત્ત્વના વિકલ્પનો અવકાશ નથી. આવા શુદ્ધ આત્મસ્વભાવનો જય હો ને ભેદના વિકલ્પનો ક્ષય હો. આ જ મહાન માંગળિક છે. જેને શુદ્ધાત્માની રુચિ ને મહિમા આવ્યો હોય તે જ એમ કહે કે શુદ્ધ આત્મા સમયસાર જયવંત વર્તે છે. પહેલાં તો આવા સ્વભાવની રુચિ અને ઓળખાણ કરવી જોઈએ. આત્મસ્વભાવની ઓળખાણ થતાં તરત જ પર્યાયમાંથી બધા પુણ્ય-પાપ ટળી જાય નહિ, પણ સ્વભાવ તો સદાય બધા વિકારોથી

**મેરે ચિતઘરમાહિં બસૌ તેજોમય યાવત્,**
**પાપતિમિર અવકાશ તહાં સો ક્યોંકરિ પાવત. ૨.**

દૂર જ છે—એની શ્રદ્ધા-જ્ઞાન થાય છે અને વિકારનો આદર ટળી જાય છે. નવ તત્ત્વના વિચાર તે રાગ છે, તે રહિત એકલું જાણનાર જ મારું સ્વરૂપ છે, એ જ બધા તત્ત્વનો સાર છે. સર્વ તત્ત્વમાં સારરૂપ ભગવાન આત્મા જયવંત વર્તે છે. શુદ્ધાત્મા જ જયવંત વર્તે છે એટલે અમારા પર્યાયમાં શુદ્ધાત્માનો જ ઉત્પાદ થાવ અને અશુદ્ધતાનો વ્યય થઈ જાવ. જે શુદ્ધ આત્માને જ જયવંતપણે જુએ છે તેને પર્યાયમાં શુદ્ધતાનો જ ઉત્પાદ થાય છે.

પોતે એક પરમ ઉત્કૃષ્ટ સમયસારતત્ત્વ છે. અનંત પરદ્રવ્યોમાં પોતે કાંઈ કરી શકે એમ જે માને તેને વીતરાગ ભગવાને જૈન કહ્યો નથી. જૈન એટલે જીતનાર; શુદ્ધ ચૈતન્યસ્વભાવ તે હું, પુણ્ય તે હું નહિ. વિકાર તે મારું કર્તવ્ય નથી—આવા ભેદજ્ઞાનના જોરે જે વિકારને જીતે (—નષ્ટ કરે) તે જૈન છે. એવા ભેદજ્ઞાન વગર જીવનો અનંતકાળ ગયો અને અનંત અવતાર થયા, મહા પાપ કરીને અનંતવાર નરકે ગયો અને જૈનનો બાહ્ય સાધુ થઈને મોટા પુણ્ય કરીને નવમી ગ્રૈવેયકમાંય અનંતવાર ગયો, પણ એક્કેય ભવ ન ઘટ્યો, કેમ કે ઉપાદેયરૂપ પોતાનો નિશ્ચયસ્વભાવ શું છે તે કદી જાણ્યું નહિ. વ્યવહાર તો બંધનમાર્ગ છે, બંધનમાર્ગથી ત્રણકાળમાં અબંધતત્ત્વ ખૂલે નહિ. બંધભાવોથી જે દૂર છે એવા ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા કરે તો બંધ ટળે ને મુક્તિ પ્રગટે.

અનંતકાળથી શુદ્ધ આત્માનો મહિમા જાણ્યો નહિ ને પુણ્યનો-રાગનો-વ્યવહારનો આશ્રય માન્યો, તેથી તે પુણ્યાદિનો જય હતો અર્થાત્ તે પુણ્યને અને રાગને સદા ટકાવી રાખવાની ભાવના હતી, તે અજ્ઞાન હતું. હવે જ્યાં શુદ્ધ આત્માની દૃષ્ટિ થઈ ત્યાં સાધક જીવ કહે છે કે અહો, આ શુદ્ધાત્મા જ સદા જયવંત વર્તે છે, કદી રાગાદિનો જય થયો જ નથી. પૂર્વે અનંતકાળમાં રાગાદિ વખતે પણ એકરૂપ શુદ્ધ આત્મા જ જયવંત વર્તતો હતો. એકરૂપ શુદ્ધ આત્માનો જ જય થાવ ને પુણ્ય-પાપનો વિલય થાવ. ત્રિકાળી સ્વભાવમાં તો રાગાદિનો અભાવ છે જ, તે સ્વભાવની ભાવનાથી વર્તમાનપર્યાયમાં શુદ્ધ આત્મા પ્રગટો ને રાગાદિનો નાશ થાવ.

આ સમયસાર જયવંત વર્તે છે અને પુણ્ય-પાપરૂપ વિકારીભાવો તો નાશ થવાયોગ્ય છે. તે નાશ થવાયોગ્ય વિકારી ભાવોથી સમયસાર દૂર જ છે. આત્મા ચૈતન્યસ્વભાવમાત્ર છે. વિકાર તેના સ્વરૂપમાં છે જ નહિ. જ્યાં આત્મા વિકારનો ય કર્તા નથી તો પરનું કાંઈ કરે એ વાત તો ક્યાં રહી?

શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવ સમયસારની ટીકાના ૬૨ મા શ્લોકમાં કહે છે કે 'આત્મા

આનંદ આંસૂવદન ધોય તુમસોં ચિત સાનૈ,
ગદગદ સુરસો સુયશમંત્ર પઢિ પૂજા ઠાનૈં;

ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्'—આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે. તે જ્ઞાન સિવાય બીજું શું કરી શકે ? અરે પ્રાણીઓ ! તમારો આત્મા જ્ઞાન સિવાય બીજું કાંઈ કરી શકતો નથી, એમ તમે સમજો. આત્મા જાણનારસ્વરૂપી જ છે છતાં અજ્ઞાનીઓ એમ માને છે કે અમે જડની ક્રિયા કરીએ અને શુભરાગ અમારું કર્તવ્ય છે.—એવા જીવોને માટે બીજી લીટીમાં આચાર્યદેવ કહે છે કે 'परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्'—આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું તે વ્યવહારી જીવોનો મોહ છે—અજ્ઞાન છે. મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ રાગની ક્રિયાનો કર્તા થાય છે, પણ રાગરહિત પોતાનો સહજજ્ઞાનસ્વભાવ છે તેને માનતો નથી. શુદ્ધ સ્વભાવમાં અભેદ થઈને પરિણમવું જોઈએ તેને બદલે અજ્ઞાનને લીધે રાગાદિમાં એકપણું માનીને પરિણમે છે, તે જ અધર્મ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે; જ્ઞાનસ્વરૂપથી જ આત્મા ત્રણેકાળે જયવંત છે, તેનામાં રાગ કે જડની ક્રિયા ત્રણકાળ ત્રણલોકમાં નથી; છતાં આવા ભગવાન આત્માને જ્ઞાન સિવાય પરભાવનો કર્તા માનવો અને રાગાદિ પરભાવોને પોતાનું સ્વરૂપ માનવું તે મૂઢ અજ્ઞાની જીવોનો વ્યવહાર છે, આ વ્યવહાર તે જ અધર્મ છે. પોતાના સ્વભાવમાં તો વિકાર નથી છતાં અજ્ઞાની જીવ મોહથી ગાંડો થઈને વિકારને પોતાનું કાર્ય માને તેનું શું થાય ?

અહીં શુદ્ધભાવ—અધિકારમાં શુદ્ધઆત્મસ્વભાવ સમજાવે છે. સ્વભાવમાં વિકારનો અભાવ છે. પરંતુ—શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ પ્રગટ કર્યા વગર કોઈ અજ્ઞાની જીવો એમ માને કે 'આત્મા તો પર્યાયથી પણ શુદ્ધ જ છે, પર્યાયમાં પણ રાગાદિ નથી.' તો તેની માન્યતા ખોટી છે. પર્યાયમાં વિકાર થાય છે તેને જો જાણે જ નહિ તો તો ગૃહીત મિથ્યાત્વ છે. પોતાના પર્યાયમાં વિકાર થાય છે તેને જાણીને, શુદ્ધસ્વભાવની દૃષ્ટિથી તે ટાળવા માટેની આ વાત છે. જો અવસ્થામાં વિકાર થતો જ ન હોય તો આત્મામાં વર્તમાન પૂર્ણ શુદ્ધદશા પ્રગટ હોવી જોઈએ. અને જો પૂર્ણ શુદ્ધદશા પ્રગટ હોય તો પછી સમજવાની કે સાંભળવાની શું જરૂર હોય ? અવસ્થામાં વિકાર થાય છે ખરો, પણ ત્રિકાળ વસ્તુસ્વરૂપમાં તે વિકાર નથી, ઉપર ને ઉપર રહે છે. વિકારથી જુદા સ્વભાવનું જ્ઞાન કરવાથી ધર્મ થાય છે, પણ આત્માને વિકારવાળો જ જાણે તો ધર્મ થતો નથી. પુણ્ય-પાપ તે વિકારી ક્રિયા છે, તેમાં એકાગ્રતા છોડીને શુદ્ધ આત્મસ્વભાવમાં એકાગ્રતા કરવી તે જ્ઞાનની અવિકારી ક્રિયા છે, તે ક્રિયા જ મોક્ષનું કારણ છે. ભગવાન આત્મા મિથ્યાત્વ અને રાગદ્વેષરૂપ વિકારથી

**તાકે બહુવિધ વ્યાધિ વ્યાલ ચિરકાલ નિવાસી,**
**ભાજૈં થાનક છોડ દેહબાંબઈ કે વાસી. ૩.**

દૂર છે, ત્રિકાળ સ્વભાવને વિકાર સાથે એકતા નથી પણ જુદાઈ છે. આત્માના સ્વરૂપમાં કામની—વિષયની વાસના નથી, સંકલ્પ-વિકલ્પ નથી. બધાય આત્માઓનું આવું જ સ્વરૂપ છે. પર્યાયમાં જે સંકલ્પ-વિકલ્પ થાય છે તે તો ઉઠાઉગીરની જેમ પરાશ્રયે નવા ઉભા કરે છે. પોતાના સ્વભાવમાં તો તે કામદેવની વાસનાનો ને સંકલ્પ-વિકલ્પનો અભાવ છે. સ્વભાવ જયવંત છે ને વિકારનો અસ્ત છે. અભિપ્રાયમાં જ્યાં સ્વભાવનો આદર થયો ત્યાં કામની વાસનાનો નાશ જ થાય છે, ઈન્દ્રિયવિષયોમાં સુખની કલ્પના અસ્ત પામી જાય છે. શુદ્ધ આત્મામાં તો તેનો ત્રિકાળ અસ્ત છે જ, ને તે શુદ્ધાત્માના આદરથી પર્યાયમાંથી પણ તે અસ્ત થઈ જાય છે. જેને ત્રિકાળી ચૈતન્યસ્વભાવની ભાવના નથી તેને પર્યાયમાંથી કદી વિકારનો નાશ થતો નથી. પણ વિકાર જ થયા કરે છે. બધા તત્ત્વોમાં ઉત્કૃષ્ટ એવા પોતાના પરમપારિણામિકસ્વભાવની ભાવના કરતાં પર્યાયમાંથી વિકારી વાસનાનો એવો અસ્ત થઈ જાય છે કે ફરીને કદી ઉદય પામે નહિ.

વળી તે સમયસાર કેવો છે ?

અજ્ઞાન અને પુણ્ય-પાપરૂપ જે દુરિતવૃક્ષ છે તેનો નાશ કરવા માટે કૂહાડાસમાન છે. જ્યાં સમયસારસ્વભાવનો આદર થયો ત્યાં અજ્ઞાન અને પુણ્ય-પાપ નાશ થઈ જાય છે. શુદ્ધ સ્વભાવના આદરમાંથી કેવળજ્ઞાનરૂપી ઝાડ પ્રગટે છે ને પુણ્ય-પાપરૂપી દુરિતવૃક્ષ નષ્ટ થાય છે.

વળી તે આત્મસ્વભાવ શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, સુખસમુદ્રથી ભરેલો છે ને ક્લેશસમુદ્રથી પાર છે. એવો આત્મા જ સર્વ તત્ત્વોમાં સાર છે તેથી તે જ ઉપાદેય છે. આવો સર્વ તત્ત્વોમાં ઉત્કૃષ્ટ ભગવાન આત્મા જયવંત વર્તે છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (વૈરાગ્ય-ભાવના)

ભગવાન સર્વજ્ઞદેવે લોકનું જેવું સ્વરૂપ જાણ્યું છે, તે સ્વરૂપનો સમ્યગ્દૃષ્ટિ વિચાર કરે છે. આ લોક કોઈના દ્વારા બનાવાયેલો નથી પરંતુ સ્વયંસિદ્ધ છે. લોકમાં બધા દ્રવ્યો સ્વયંસિદ્ધ અનાદિ-અનંત છે. તેમાં કોઈ કોઈનો કર્તા અથવા સહાયક નથી. દરેક વસ્તુ પોત-પોતાના અનંત ધર્મસ્વરૂપ છે—એવી અનેકાંત વસ્તુ જ અર્થક્રિયાકારી છે.

(ક્રમશઃ) ❋

**દિવિતૈં આવનહાર ભયે ભવિભાગ ઉદયબલ,**
**પહલેહી સુર આય કનકમય કીય મહીતલ;**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે વસ્તુ અનંતધર્મ સ્વરૂપ છે એવો નિર્ણય કરે છે :—

**संति अणंताणंता तीसु वि कालेसु सव्वदव्वाणि ।**
**सव्वं पि अणेयंतं तत्तो भणिदं जिणिंदेहिं ।।२२४।।**

અર્થ :—સર્વ દ્રવ્ય છે તે ત્રણે કાળમાં અનંતાનંત છે—અનંત પર્યાયો સહિત છે; તેથી શ્રી જિનેન્દ્રદેવે સર્વ વસ્તુને અનેકાન્ત અર્થાત્ અનંતધર્મસ્વરૂપ કહી છે.

જગતમાં ત્રણેકાળ અનંત દ્રવ્ય છે. જીવ અનંત છે અને પુદ્ગલ તેનાથી પણ અનંત છે. એક-એક આકાશ પ્રદેશમાં અનંતાનંત સૂક્ષ્મ પરમાણુ છે. જો તેઓ સ્થૂળરૂપ ધારણ કરે તો અનંત સુમેરુ બની જાય. એક આકાશ પ્રદેશમાં એક જીવના અસંખ્યાતમાં ભાગમાં અસંખ્યાત પ્રદેશ છે. અને એવા અનંત જીવો મળીને અનંત પ્રદેશ એક આકાશ પ્રદેશમાં છે. આકાશનો કોઈપણ પ્રદેશ અનંત પુદ્ગલ અને અનંત જીવોના પ્રદેશથી ખાલી નથી—એમ અનંત દ્રવ્ય જગતમાં ત્રિકાળ છે. ત્રણકાળના જેટલા સમય છે તેટલી દરેક દ્રવ્યની પર્યાયો છે. જગતમાં અનંત દ્રવ્ય છે, દરેક દ્રવ્યમાં અનંત ગુણ છે અને ત્રણકાળના જેટલા સમય છે, તેટલી એક-એક ગુણની પર્યાય છે. જીવ અને પુદ્ગલ અનંત છે, કાળદ્રવ્ય અસંખ્યાત છે; ધર્મ, અધર્મ અને આકાશદ્રવ્ય એક-એક જ છે. કાળના સમય અનંત છે પરંતુ તે દ્રવ્ય અસંખ્યાત છે. જગતમાં દરેક પદાર્થ અનેકાંતસ્વરૂપ છે; વસ્તુરૂપથી એક અને ગુણ-પર્યાયરૂપથી અનેક છે—એવું વસ્તુ સ્વરૂપ છે. દરેક વસ્તુ, અનંત ગુણ-પર્યાયસહિત હોવાથી અનેકાંતસ્વરૂપ છે.

હવે કહે છે કે અનેકાન્તાત્મક વસ્તુ છે તે અર્થક્રિયાકારી છે :—

**जं वत्थु अणेयंतं तं चिय कज्जं करेदि णियमेण ।**
**बहुधम्मजुदं अत्थं कज्जकरं दीसदे लोए ।।२२५।।**

અર્થ :—જે વસ્તુ અનેકાન્ત છે—અનેકધર્મસ્વરૂપ છે તે જ નિયમથી કાર્ય કરે છે. લોકમાં પણ બહુ ધર્મયુક્ત પદાર્થ છે તે જ કાર્ય કરવાવાળા દેખાય છે.

**મનગૃહધ્યાનદુવાર આય નિવસો જગનામી,**
**જો સુવરન તન કરો કૌન યહ અચરજ સ્વામી. ૪.**

ભાવાર્થ :—લોકમાં નિત્ય-અનિત્ય, એક-અનેક, ભેદ-અભેદ ઈત્યાદિ અનેક ધર્મયુક્ત વસ્તુ છે તે કાર્યકારી દેખાય છે. જેમ માટીનાં ઘટ આદિ અનેક કાર્ય બને છે તે જો માટી સર્વથા એકરૂપ-નિત્યરૂપ અથવા અનેકરૂપ-અનિત્યરૂપ જ હોય તો તેમાં ઘટ આદિ કાર્ય બને નહિ. એ જ પ્રમાણે સર્વ વસ્તુ જાણવી.

અનેકાંતસ્વરૂપ વસ્તુ જ પોતાની અર્થક્રિયાને કરે છે—એમ હવે કહે છે.

જો વસ્તુ એકાંત નિત્ય જ હોય તો તેમાં નવું કાર્ય ન થઈ શકે અને એકાંત ક્ષણિક જ હોય તોપણ તે કાર્ય કરી શકતી નથી. કથંચિત્ નિત્ય-અનિત્ય ઈત્યાદિ અનેકાંતસ્વરૂપ વસ્તુ જ પોતાનું કાર્ય કરે છે.

પુદ્ગલ પરમાણુ હમેશા એક સમાન રહેતા નથી, તે દ્રવ્ય-ગુણરૂપથી ત્રિકાળ કાયમ રહીને, તેમાં દરેક સમયે નવી-નવી અવસ્થાઓ થતી રહે છે. વસ્તુ પોતે પોતાના અનેકાંતસ્વભાવથી જ પોતાનું કાર્ય કરે છે. અનેકાંતસ્વરૂપ પદાર્થ પોતે જ પોતાનું કાર્ય કરવાવાળો છે; બીજો કોઈ તેનું કાર્ય કરવાવાળો નથી. શરીર ચાલે છે, તે કાર્ય તેમના પરમાણુઓથી જ છે, જીવનો તો તેમાં અભાવ છે. દરેક વસ્તુમાં પોતાના અનંત ધર્મ છે અને જગતમાં પોતાના સ્વભાવથી જ દરેક પદાર્થ કાર્ય કરતો થકો જણાય છે.

દરેક દ્રવ્ય સ્વમાં અનંતધર્મરૂપ સ્વયંસિદ્ધ છે; તેના કાર્યમાં બીજા કોઈનો હસ્તક્ષેપ નથી. અંદર સ્વ-સંવેદન પ્રત્યક્ષથી નિઃસંદેહરૂપથી જેને જાણ્યો છે, તે કહે છે કે એવું જ અનેકાંતસ્વરૂપ ત્રણેકાળ છે અને માટે જે એક તે જ અનેક, જે નિત્ય તે જ અનિત્ય, પોત-પોતાના કારણથી છે અને આ કારણે પ્રત્યેક દ્રવ્ય પોતે પોતાનું કારણ-કાર્યરૂપ પરિણમિત થાય છે. જે સંયોગબુદ્ધિથી છૂટીને, અંશરૂપ રાગથી છૂટીને, અંશરૂપ પ્રત્યક્ષ સ્વપ્રકાશક જ્ઞાનવાન થયો છે, તે જ આ નિશ્ચય કરી શકે છે કે પરજ્ઞેય કેવા છે ?

જુઓ, જગતમાં બધા દ્રવ્ય નિરંતર પોતાના કારણથી પરિણમનરૂપ કાર્ય કરી રહ્યા છે. બધા ત્રિકાળ સ્વતંત્ર છે—એમ સત્યાર્થ ભાવના ભવ્યજનોની આનંદજનની છે.

એક વસ્તુમાં સામાન્ય-વિશેષ, એક-અનેક, નિત્ય-અનિત્ય, સ્વરૂપથી અસ્તિ, પરરૂપથી નાસ્તિ આદિ પરસ્પર બે વિરોધિ શક્તિઓનું એકસાથે પ્રકાશિત થવું તે અનેકાંત છે. આનાથી પ્રત્યેક વસ્તુ પોતાનું કાર્ય કરવાવાળી દૃષ્ટિગોચર થાય છે. જેણે આ વસ્તુસ્વરૂપને જાણ્યું છે, તેને સ્વ-પરનું સ્વતંત્રપણું જાણ્યું છે—આવા જીવને જ સાચી ભાવનાઓ-અનુપ્રેક્ષાઓ હોય છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર)

**પ્રભુ સબ જગકે વિના હેતુ બાંધવ ઉપકારી,**
**નિરાવરન સર્વજ્ઞ શક્તિ જિનરાજ તિહારી;**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૦, ગાથા ૧૧)

## પર પદાર્થોને ભલા-બૂરા માનવા તે જ સંસાર-ભ્રમણનું કારણ

મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષની આ વાત છે, હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું એમ જ્યાં જ્ઞાતાપણાનું ભાન નથી ત્યાં અજ્ઞાનીને પોતાના સિવાય અન્ય પદાર્થમાં 'આ ઠીક છે ને આ અઠીક છે' એમ રાગ-દ્વેષનો અભિપ્રાય થાય છે. અને તે મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરદ્રવ્ય છે. તેથી તેને હિતકારી માનવા એ મિથ્યાત્વ સહિતનો રાગ છે. અહા! જો કે તેની શ્રદ્ધા કરવી તે તો પુણ્ય છે પણ તે મને હિતના કરનારા છે-પરદ્રવ્ય મારું હિત કરી દેશે એવી માન્યતા તે મિથ્યાત્વ સહિતનો રાગ છે. અને જ્યાં રાગ સ્થપાય છે ત્યાં તેનાથી પ્રતિકૂળ વિષયો ઉપર દ્વેષ થયા વિના રહે જ નહિ. ઉપવાસ આદિથી શરીરને શોષતાં જીવને લાભ થશે તેમ માનનારને પણ મિથ્યાત્વ સહિતનો રાગ છે. કેમકે જગતમાં ઈષ્ટ-અનિષ્ટ પદાર્થ કોઈ છે જ નહિ. માત્ર આત્મા જ્ઞાતા ને પરપદાર્થ જ્ઞેય—બસ એટલો જ સંબંધ છે. આત્મા આનંદસ્વરૂપ હોવાથી તેની દૃષ્ટિ અને એકાગ્રતાથી આત્માને શાંતિનો લાભ થાય છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં સાતમા અધિકારમાં આવે છે કે મિથ્યાદૃષ્ટિ સંસારમાં નરકાદિમાં દુઃખ જાણી તથા સ્વર્ગાદિમાં પણ જન્મ-મરણાદિનાં દુઃખ જાણી સંસારથી ઉદાસ થઈ મોક્ષને ઈચ્છે છે. હવે એ દુઃખોને તો બધાય દુઃખ જાણે છે, પણ ઈન્દ્ર-અહમિન્દ્રાદિક વિષયાનુરાગથી ઈન્દ્રિયજનિત સુખ ભોગવે છે તેને પણ દુઃખી જાણી નિરાકુળ સુખ અવસ્થાને ઓળખીને જે મોક્ષને ચાહે છે તે જ સમ્યગ્દૃષ્ટિ જાણવો. અહા! અજ્ઞાની સ્વર્ગમાં જન્મ-મરણના દુઃખો છે એમ તો જાણે છે. પણ ઈન્દ્રિયની આશા-વિષયનો રાગ પણ દુઃખ છે એમ જાણતો નથી. પોતાના સ્વરૂપને જાણ્યા વિના એ સ્વર્ગના સુખમાં સુખબુદ્ધિ રહે એ જન્મ-મરણને દુઃખ માને તો તે પણ દૃષ્ટિ મિથ્યા છે.

'વળી વિષયસુખાદિનાં ફળ નરકાદિક છે', વિષય સુખ સેવશું તો નરકમાં જશું એમ અજ્ઞાનીને ડર લાગે છે, પણ વિષય સેવવાનો ભાવ જ દુઃખરૂપ છે ને આત્મા આનંદરૂપ છે તેવી તો દૃષ્ટિ કરતો નથી. 'શરીર અશુચિમય અને વિનાશિક છે, પોષણ કરવા યોગ્ય નથી'—આમ માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે એ તો દ્વેષ થયો.

**ભક્તિરચિત મમચિત્ત સેજ નિત વાસ કરોગે,**
**મેરે દુઃખસંતાપ દેખ કિમ ધીર ધરોગે. ૫.**

પરદ્રવ્યને શું છે ? સમ્યગ્દૃષ્ટિ તો તે પોષવાયોગ્ય છે કે નથી તેની દૃષ્ટિ છોડી,, આત્મા આનંદકંદ છે તેમ તેની દૃષ્ટિ કરે છે. 'તથા કુટુંબાદિક સ્વાર્થનાં સગાં છે.' માટે છોડવા— એમ માનનાર પરદ્રવ્યને અહિતકર માને છે જે મિથ્યાત્વ છે. ભાઈ ! તું પોતે અજ્ઞાનથી લૂંટાય છે ત્યારે તેને લૂંટારા કહેવાય છે. તે તો પરચીજ છે. પરચીજ તને નુકસાન ક્યાં કરે છે ? પણ પરદ્રવ્યમાં અનિષ્ટની માન્યતા તે જ નુકસાન-મિથ્યાત્વ છે.—આમ અજ્ઞાની પરદ્રવ્યોનો દોષ વિચારી તેનો ત્યાગ કરે છે. પણ એ તો મિથ્યા છે. કેમકે દોષ પોતાનો છે કે પરનો ? પરમાં ઈષ્ટ-અનિષ્ટપણું માનવું તે પોતાનો દોષ છે.

'તથા વ્રતાદિનું ફળ સ્વર્ગ-મોક્ષ છે, તપશ્ચરણાદિ પવિત્ર અવિનાશી ફળના આપનાર છે, એ વડે શરીર શોષવા યોગ્ય છે તથા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ હિતકારી છે. ઈત્યાદિ પરદ્રવ્યોનો ગુણ વિચારી તેને જ અંગીકાર કરે છે.' પણ પરદ્રવ્યોમાં ઈષ્ટ-અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરવું એ મિથ્યા છે. પરદ્રવ્ય ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. છતાં માને તે મિથ્યાદૃષ્ટિ છે.

'વળી (પરદ્રવ્યોમાં ઈષ્ટ-અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરવું.) એ જ શ્રદ્ધા નથી તેને ઉદાસીનતા પણ દ્વેષબુદ્ધિરૂપ હોય છે'—પરદ્રવ્ય સારાં નથી અર્થાત્ સ્ત્રી-પુત્રાદિ નુકસાનકારક છે એમ ઉદાસ થઈ જાય તો તે પણ દ્વેષબુદ્ધિ છે. 'કારણ કે—કોઈને બૂરા જાણવા તેનું જ નામ દ્વેષ છે.'

પ્રશ્ન :—તો સમ્યગ્દૃષ્ટિ પણ પરદ્રવ્યોને બૂરાં જાણીને ત્યાગ કરે છે ?

ઉત્તર :—સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યોને બૂરાં જાણતો નથી પણ પોતાના રાગભાવને બૂરો જાણે છે, પોતે રાગભાવને છોડે છે તેથી તેના કારણોનો પણ ત્યાગ થાય છે અર્થાત્ નિમિત્તનું લક્ષ છૂટી જાય છે. 'વસ્તુ વિચારતાં કોઈ પરદ્રવ્ય તો ભલાં-બૂરાં છે જ નહિ.' અહા ! દેવ-ગુરુ-શાસ્ત્ર આત્માનું ભલું કરી દે કે કુટુંબ-કબિલા આત્માનું બૂરું કરી દે તેમ છે જ નહિ. કોઈ એવાં દ્રવ્યો નથી કે જે આત્માનું ભલું-બુરું કરી દે, એવો ભેદ તેમાં છે નહિ.

અહા ! જ્ઞાનીને ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ કોઈ છે જ નહિ. જો હોય તો, ઈષ્ટ પોતાનો સ્વભાવ ને અનિષ્ટ રાગ-દ્વેષાદિ. તે સિવાય ત્રીજી કોઈ ચીજ હોતી નથી. પોતાના આનંદકંદસ્વભાવની રુચિ કરવી તે ઈષ્ટ છે ને પુણ્ય-પાપના વિકલ્પ તે અનિષ્ટ છે. ઝીણી વાત છે, ભાઈ ! શ્રદ્ધાની વાતની લોકોને ખબર જ નથી. તે બહારના ત્યાગ કરીને માને

ભવવનમેં ચિરકાલ ભ્રમ્યો કછુ કહિય ન જોઈ,
તુમ ધુતિકથાપિયૂષવાપિકા ભાગન પાઈ;

છે કે અમે ત્યાગી છીએ. પણ ભાઈ ! આત્મા પરમાર્થે રાગનો ત્યાગ કરનાર પણ નથી. કેમકે રાગનો ત્યાગ કરે તેવું સ્વરૂપમાં નથી—સ્વરૂપ તો શુદ્ધ છે. પણ તેની (સ્વરૂપની) દૃષ્ટિ થતાં રાગ ઉત્પન્ન થતો નથી, તેને રાગ ટાળ્યો તેમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. આવી વાત છે ભાઈ !

આહા ! આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. તો તે કઈ ચીજને ઈષ્ટ-અનિષ્ટ માને ? ને કઈ ચીજને છોડતા કે ગ્રહણ કરતા તેને લાભ-નુકસાન થાય ? ચૈતન્યતત્ત્વ એકલું નિરાળું-પરદ્રવ્યના સંબંધ વિનાનું છે. તેની દૃષ્ટિમાં કોઈ પરદ્રવ્ય કિંચિત્ પણ હિતકારી કે અહિતકારી છે જ નહીં.

પ્રશ્ન :—તો પછી શું કરવું ? પરને છોડવા જતાં તો મિથ્યાત્વ લાગે છે ?

સમાધાન :—ભાઈ ! પરપદાર્થને છોડવા નથી. કેમકે આ પદાર્થ પ્રતિકૂળ છે માટે છોડું તેવો ભાવ તો મિથ્યાત્વ છે. કોઈપણ પરદ્રવ્ય પ્રતિકૂળ કે અનુકૂળ છે જ નહીં, તે તો જ્ઞાનનું જ્ઞેય છે. છતાં જ્ઞેયને ઠેકાણે તેને પ્રતિકૂળ કે અનુકૂળ માનવું તે મિથ્યાત્વ છે.

જ્ઞાનીને પણ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગનો ભાવ તો થાય છે, પણ તે હેયબુદ્ધિએ હોય છે. વળી તે પરદ્રવ્ય છે માટે મને રાગ થયો છે ને રાગ થયો તો મને ધર્મનો લાભ થશે તેવી માન્યતા તેને હોતી નથી. અહા ! લાભની ખાણ તો અનંતગુણનો પિંડ આત્મા છે. પણ તેની જગ્યાએ લાભનું ઠેકાણું જે મંદરાગને, પરને, નિમિત્તને માને છે તે મિથ્યાશલ્ય છે, તે મિથ્યાત્વથી ચંચળ ને અધીરો થઈ જાય છે. જ્યારે જ્ઞાનીને જરી અસ્થિરતાની ચંચળતા થઈ જાય છે તે પુરુષાર્થની કમજોરી છે. અહા ! કોઈ પદાર્થ ઈષ્ટ લાગે છે માટે તેને રાગ થાય છે એમ નથી. તેમ જ સ્વભાવ રાગને કરે છે તેમ પણ નથી. પરંતુ પુરુષાર્થની કમજોરીથી થાય છે.—આમ દૃષ્ટિ હોવાથી તે રાગને જ્ઞાતા તરીકે જાણે છે.


જેટલા દોષ છે તે બધા, રાગ-દ્વેષના સંબંધથી અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. જ્યારે 'આ મારા છે' એમ માનીને રાગ કરે છે ત્યારે તેને બીજા ઉપર દ્વેષ આવ્યા વિના રહેતો નથી. અજ્ઞાનીને સ્વપદાર્થની અને પરપદાર્થની ભિન્નતાની ખબર નથી. તેથી તેને ક્યાંય પરપદાર્થમાં પ્રીતિ-લાભબુદ્ધિ થયા વિના રહેતી નથી. અને તેથી બીજા પદાર્થમાં દ્વેષબુદ્ધિ થયા વિના રહેતી નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૬ ઉપર)

**શશિ તુષાર ઘનસાર હાર શીતલ નહિં જા સમ,**
**કરત ન્હૌન તામાહિં ક્યો ન ભવતાપ બુઝૈ મમ. ૬.**




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(મંગલાચરણ, ગાથા-૧)

ૐ

## મંગલાચરણમાં વીતરાગવિજ્ઞાનને નમસ્કાર

આત્માના ભાન અને અનુભવપૂર્વક છદ્મસ્થનેય વીતરાગવિજ્ઞાન હોય છે; ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને જેટલું સમ્યગ્જ્ઞાન છે તે રાગ વગરનું જ છે. સ્વસંવેદન છે તે વીતરાગ જ હોય છે, રાગવાળું હોતું નથી, એ વાત પરમાત્મપ્રકાશમાં વારંવાર ‘વીતરાગસ્વસંવેદન’ એમ કહીને સમજાવી છે. સાધકભૂમિમાં રાગ ભલે હો પણ તેનું જે સ્વસંવેદનજ્ઞાન છે તે તો વીતરાગ જ છે. અહીં મુખ્યપણે પૂર્ણ વીતરાગ એવા કેવળજ્ઞાનની વાત છે. અહો, જગતમાં જે કોઈ જીવ પોતાનું હિત કરવા ચાહતો હોય તેણે પૂર્ણ કેવળજ્ઞાનપદ જ નમવાયોગ્ય છે, તે જ આદરવા લાયક છે, તેને જ હિતરૂપ સમજીને તે પ્રગટ કરવાયોગ્ય છે. સર્વજ્ઞપદનો અચિંત્ય અપાર મહિમા જાણીને મારું અંતર્વલણ તે વીતરાગવિજ્ઞાન તરફ ઢળે છે...નમે છે.—આવી પરિણતિનું નામ સાધકદશા છે.

જુઓ, આ માંગળિકમાં ભગવાનના ગુણને ઓળખીને નમસ્કાર થાય છે. સમન્તભદ્ર-સ્વામી કહે છે કે ‘वन्दे तद्गुणलब्धये’ એટલે કે ભગવાન જેવા પોતાના ગુણોની પ્રાપ્તિ માટે હું તેમને નમસ્કાર કરું છું. વીતરાગવિજ્ઞાનરૂપ કેવળજ્ઞાન તે પર્યાય છે, ને તે પ્રગટવાની આત્મામાં તાકાત છે. રાગ વગર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે—એવું જેનું સામર્થ્ય છે તે પર્યાય આત્મામાંથી જ પ્રગટે છે. આવા આત્માને શ્રદ્ધામાં લઈને ઓળખાણપૂર્વક વીતરાગવિજ્ઞાનને જેણે નમસ્કાર કર્યા તેણે પોતાની પર્યાયમાં પણ અંશે એવું વીતરાગવિજ્ઞાન પ્રગટ્યું, તે અપૂર્વ મંગળ છે, તે સારરૂપ છે.

‘સાર’ એટલે માખણ; જેમ છાશને વલોવીને તેમાંથી સારરૂપ માખણ કાઢે છે, તેમ ત્રણ લોકનું મંથન કરી—કરીને સન્તોએ તેમાંથી સાર શું કાઢ્યો?—તો કહે છે કે ‘तीनभुवनमें सार वीतरागविज्ञानता’ વીતરાગવિજ્ઞાન તે જગતમાં સારભૂત છે; એ સિવાય રાગથી ધર્મ માનવો તે તો નિઃસાર, પાણીને વલોવવા જેવું છે, તેમાંથી કાંઈ સાર નીકળે તેમ નથી.

**શ્રી વિહાર પરિવાહ હોત શુચિરૂપ સકલ જગ,**
**કમલકનક આભાવ સુરભિ શ્રીવાસ ધરત પગ;**

જ્ઞાનીઓએ જગતના સર્વે તત્ત્વોને જાણીને તેનું મંથન કરતાં તેમાંથી શુદ્ધ ચૈતન્યના કેવળજ્ઞાનરૂપી માખણ તારવ્યું, તેને જ સારરૂપ જાણ્યું. અંતર્ધ્યાનવડે ચૈતન્યને વલોવીને મુનિઓએ વીતરાગવિજ્ઞાનરૂપ સાર કાઢ્યો. બાકી બીજા બાહ્યદ્રષ્ટિ જીવો તો પુણ્યરૂપી પાણીમાં ભરમાઈ ગયા તેઓ શુભરાગમાં જ સંતુષ્ટ થઈ ગયા પણ રાગથી પાર એવા વીતરાગવિજ્ઞાનને તેઓએ જાણ્યું નહિ. વીતરાગવિજ્ઞાનને સારરૂપ ઓળખીને તેનું બહુમાન કરવું તે મંગળ છે.

આત્મામાંથી રાગ—દ્વેષ ટળી ગયા તે જ્ઞાનની પૂરી દશા પ્રગટ થઈ; ત્યાં ભૂખ—તરસ વગેરે ૧૮ દોષ રહિત ને વીતરાગતા સહિત પરમ આનંદમય કેવળજ્ઞાન થયું; તેવું કેવળજ્ઞાન પોતામાં પ્રગટ કરવા માટે તેની પ્રતીત કરીને વંદન અને આદર કરીએ છીએ, પોતાના આત્મામાં તેને બોલાવીએ છીએ. આ રીતે સર્વજ્ઞદેવની શ્રદ્ધા અને બહુમાનપૂર્વક શાસ્ત્રની શરૂઆત થાય છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

**સમાધાન** :—વસ્તુ ઉપર દ્રષ્ટિ સ્થાપતાં પર્યાયમાં આત્મા રમતો પ્રગટ થાય છે. અનંતગુણસાગર આત્મા છે તે કોઈ જુદો જ છે, અદ્ભુત છે, ચમત્કારિક છે. સ્વાનુભૂતિમાં વિચારવું નથી પડતું કે ગોખવું નથી પડતું. પોતાના સ્વભાવમાં જ રમતો તે પ્રગટ થાય છે. કેમકે તે તેનો સ્વભાવ જ છે. તેનો રમ્ય—રમતો સ્વભાવ છે. વિકલ્પ છૂટતાં સહજ પ્રગટ થાય એવો જ તેનો સ્વભાવ છે. અનંતગુણ-પર્યાયમાં રમવું તે આત્માનો સહજ સ્વભાવ છે. મૂળ વસ્તુ પોતે પોતારૂપે રહીને પોતાના ગુણ-પર્યાયમાં રમે છે. તે તેનો સ્વભાવ જ છે.

***પ્રશ્ન*** :—આટલી આટલી ધગશ હોવા છતાં વર્તમાનમાં કાર્ય થતું દેખાતું નથી તો શું આ ધગશ ભાવિમાં કાર્યકારી થશે કે નહિ?

**સમાધાન** :—પોતાના ઊંડા સંસ્કાર હોય તો ભાવિમાં કાર્યકારી થાય. પોતે કારણ યથાર્થ આપ્યું હોય તો કાર્ય થાય જ, પણ કારણ ઉપર ઉપરથી આપે તો કાર્ય ન થાય. પોતે અંદરથી આ કરવું જ છે, આ કર્યે જ છૂટકો છે, એવા ઊંડા દ્રઢ સંસ્કાર નાખે તો ભાવિમાં કાર્યકારી થયા વગર રહે જ નહિ. જો તેને યથાર્થ દેશના ગ્રહણ થઈ હોય તો ગમે ત્યારે અંદરથી પલટો ખાધા વગર રહેતો જ નથી. કોઈને વહેલું થાય ને કોઈને મોડું થાય, પણ તેને અનંતકાળ ન હોય. જેને ઊંડી રુચિ થઈ તેને કાળ મર્યાદિત થઈ જાય છે, સંસાર પરિત થઈ જાય છે.

**મેરો મન સર્વંગ, પરસ પ્રભુકો સુખ પાવૈ,**
**અબ સો કૌન કલ્યાન જો ન દિન દિન ઢિગ આવૈ. ૭.**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

ભેદજ્ઞાન કરવું તે ઝાડ છે ને આત્માનો અનુભવ લેવો તે નિજાનંદ ફળ છે. તેનો સ્વાદ લે.

જેમ કોઈ રાજાને બીજાનો ગઢ લેવો મુશ્કેલ છે તેમ પરમાણુને પોતાના કરવા દુર્લભ છે. શરીર, મન, વાણીને પોતાનાં કરવાં મુશ્કેલ છે. બૈરાં-છોકરાં, પૈસા પોતાનાં કદી થયાં નથી, છતાં તે બધાને રાખું એવો ભાવ અજ્ઞાની કર્યા કરે છે, તોપણ તે તારાં થાય એમ કદી બને નહીં. એક પરમાણુનો અથવા બીજા આત્માનો સ્વામી તે–તે દ્રવ્ય છે. શરીરની સંભાળ કરતાં અનંત કાળ ગયો છતાં શરીર તારું થયું નથી. દેવમાં જાય કે મનુષ્યમાં જાય, ત્યાંના પદાર્થોને પોતાના કરવા મથ્યો પણ તે પોતાના થયા નહિ ને તારો જીવ તે–રૂપે થયો નહિ.

કોઈને પૂછે કે ક્યું ગામ તારું? તો તે કહે કે 'મારું ગામ ભાવનગર,' પણ તેથી તે ગામ તેનું કદી થતું નથી; તેમ શરીર, પૈસા કોના?—એમ પૂછે તો કહે કે 'તે મારા છે,' પણ જેમ ગામ મારું છે તે બોલવામાત્ર છે, કારણ કે તે કદી તેનું થતું નથી. તેમ આત્મા શરીર વગેરેનો સ્વામી કદી થતો નથી.

તારું પદ જ્ઞાતા છે તેને તું જાણતો નથી ને જે પરપદ છે તેને લેવા માગે છે. શિયાળ ઊંટના લબડતા હોઠને જોઈને તેને લેવા માગે પણ તે વ્યર્થ છે, તેમ શરીર, સ્ત્રી આદિનો સંયોગ થાય ત્યારે જીવ માને કે એ બધાંને મારાં કરી લઉં–પણ એમ બનતું નથી, શિયાળને ઊંટના હોઠ મળે તો જીવને પરવસ્તુ મળે પણ તેમ કદી બનતું નથી.

તું ભલે તારા પદને ભૂલી ગયો છો, છતાં તારું પદ મુશ્કેલ નથી. શરીરાદિને રાખવા માગે છે, પણ પરપદ મુશ્કેલ છે. નિજપદ તારું સ્વરૂપ છે તે મુશ્કેલ નથી. ભ્રમણારૂપી પડદો તેં કરેલ છે. ચિદાનંદ સ્વરૂપને ચૂકીને શરીર મારું ને રાગદ્વેષ મારા–એમ માની બેઠો છે. મોટા દરિયાની આડે ચાર હાથની ચાદર રાખી હોય તો આખો દરિયો

> ભવતજ સુખપદ બસે કામમદસુભટ સંહારે,
> જો તુમકો નિરખંત સદા પ્રિયદાસ તિહારે;

ઢંકાઈ ગયો હોય—એમ દેખાય છે; તેમ પરવસ્તુને પોતાની માનવારૂપ ઊંધી માન્યતાની ચાદરથી ચિદાનંદ આત્મા ઢંકાઈ ગયો છે. તે ભ્રમણા પોતે કરી છે. પોતાની ભૂલથી ચૈતન્યસમુદ્રને ભાળતો નથી. જ્ઞાનસ્વભાવી આત્મા છે, શરીર અને રાગ છે તે અજ્ઞાન તત્ત્વ છે, તે પ્રકાશ કરનાર નથી. શરીર ને વિકારની આડે પોતાનો પ્રકાશ ભાસતો નથી. તું તને ન માન તોપણ તારું રૂપ એવું ને એવું પડ્યું છે, કાંઈ બહાર ગયું નથી.

જેમ નટે બળદ અગર કૂતરાનો વેશ ધર્યો તેથી કાંઈ તે મનુષ્ય મનુષ્યપણું છોડી બહાર ગયો નથી. પશુનો વેશ ન ધારે તો તે માણસ જ છે. તેમ શરીર, મન, વાણી મારાં નથી, હું તો જ્ઞાનજ્યોતિ છું—એમ સાચું જ્ઞાન કરે તો આત્મા એવો ને એવો છે, ને તે દેહનો સ્વાંગ ન ધરે.

એક ડાબલીમાં રત્ન પડ્યું છે. રત્નમાં કાંઈ બગડ્યું નથી. ઢાંકણું દૂર કરે તો રત્ન એવું ને એવું છે, તેમ શરીરમાં જ્ઞાનઘન રત્ન છે. અશરીરી આત્માની ભાવના કરે તો આત્મરત્ન એવું ને એવું છે. પર્યાયમાં થતાં રાગની વાત અહીં ગૌણ છે. નિત્યાનંદ સ્વરૂપ એવું ને એવું છે. પોતે ચિદાનંદની દૃષ્ટિ કરે ને ભાવકર્મ મારાં છે એવી દૃષ્ટિ છોડે તો આત્મા એવો ને એવો છે. આત્મા કર્મ ને શરીરની મધ્યમાં પડેલો છે. તે શુભાશુભ ભાવ કરી પર્યાયમાં અટક્યો હોવા છતાં સ્વભાવે એવો ને એવો છે, ને સિદ્ધદશા વ્યક્ત થાય છે ત્યારે શક્તિ તો એવી ને એવી છે. એ બન્ને અવસ્થામાં સ્વરૂપ તો જેવું ને તેવું જ છે. એવો શ્રદ્ધાભાવ એ જ સુખનું મૂળ છે.

કેવળજ્ઞાનની પર્યાયને પણ ન જો, પહેલી અવસ્થા શુદ્ધ ન હતી તે પછી શુદ્ધ થઈ એવા ભેદને ન જો. ગુપ્ત ને પ્રગટ અવસ્થાભેદ એટલે દ્રવ્ય ને પર્યાયના ભેદને ન જો. એક સમયનો વિકાર હોવા છતાં શક્તિ એવી ને એવી છે, ને અવસ્થા પ્રગટ થઈ ત્યારે શક્તિ એવી ને એવી છે. આવી શ્રદ્ધા સુખનું મૂળ છે. પુણ્યભાવ સુખનું કારણ નથી. પર્યાયમાં સ્વભાવની શ્રદ્ધા કરી માટે સ્વભાવ નવો થયો? ના, ને પુણ્ય-પાપની રુચિ હતી ત્યારે સ્વભાવ ચાલ્યો ગયો હતો? ના, બન્ને વખતે જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા તો એવો ને એવો છે. પ્રમત્ત-અપ્રમત્તના ભેદો વખતે ભગવાન આત્મા એવો ને એવો જ છે. એવી શ્રદ્ધા કર. ધ્રુવ સ્વભાવની શક્તિ ને વ્યક્તિ એવા ભેદને ન જો. સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. આત્મા અનાકુળ શાંતિનો ભંડાર છે. મારી પર્યાય પૂર્ણરૂપે પ્રગટે તો તે શક્તિ ખરી, ને પ્રગટ ન થાય તો તે શક્તિ ખોટી—એ વાત છોડી દે. અંતર્શક્તિ ધ્રુવરૂપ પડી છે.

તુમ વચનામૃતપાન ભક્તિઅંજુલિસોં પીવૈ,
તિન્હૈં ભયાનક ક્રૂરરોગરિપુ કૈસે છીવૈ. ૮.

પીપરમાં ચોસઠ પહોરી તીખાશની શક્તિ બધે વખતે અંદર પડેલી છે, તેમ જ્ઞાન ને આનંદની તાકાતવાળો સ્વભાવ સદાય એવો ને એવો છે. ધ્રુવશક્તિ, સામર્થ્યશક્તિ કે ચિદ્શક્તિ એવી ને એવી પડેલી છે. આવી પ્રતીતિ કરવી તે સુખનું મૂળ છે.

લીંડીપીપર નાની હોવા છતાં તેમાં પૂર્ણ તીખાશ પ્રગટવાની તાકાત છે; તેમ ચિદાનંદ આત્મામાં પૂર્ણ તાકાત છે. અંતર્મુખ દૃષ્ટિ કરે તોપણ એ જ તાકાત છે ને કોઈને અંતર તાકાત ન ભાસે તોપણ એ જ તાકાત છે. આવી પ્રતીતિ કરે તે અનુભવનું મૂળ છે.

જીવને લીંડીપીપરની તાકાત વિષે શંકા પડતી નથી. પોતે એમ ને એમ લીંડીપીપર ખાધી હોય તોપણ તેની તાકાતની શંકા પડતી નથી. કોઈને સિદ્ધપદ ન ભાસે તોપણ અંતરમાં તાકાત ભરેલી છે. "જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી." વસ્તુ જ્ઞાયકમૂર્તિ છે, માટે શક્તિ ને પર્યાય વચ્ચે ભેદ ન પાડ. એવી શ્રદ્ધા સુખનું મૂળ છે.

પણ વર્તમાન ક્ષણિકદશાથી જુએ તો સુખ ન પામે. જેની દૃષ્ટિ શુદ્ધ ચિદાનંદ ઉપર નથી તે સુખ ન પામે. પર્યાયમાં અશુદ્ધતા છે તેની દૃષ્ટિ છોડ. અશુદ્ધદૃષ્ટિથી સંસાર થશે ને એક સમયના સંસારને ગૌણ કર ને સ્વભાવદૃષ્ટિ કર તો આનંદ થશે. કર્મ તરફના વલણથી સુખ ન થાય. જેવી દૃષ્ટિએ દેખે તેવું ફળ થાય.

અરીસામાં મયૂરનું પ્રતિબિંબ પડતાં મોર જ ભાસે છે, પણ અરીસા તરફ દેખતાં તે અરીસો જ છે, તેમાં મોર નથી; તેમ પુણ્ય-પાપને દેખે તો પુણ્ય-પાપ જ ભાસે, પણ ચિદાનંદ આત્માને દેખે તો પુણ્ય-પાપ ન ભાસે પણ આત્મા જ ભાસે.

વિકારી પર્યાયથી જુએ તો આત્મા વિકારમય લાગે તે આત્માની દૃષ્ટિથી જુએ તો આત્મા જ્ઞાનમય લાગે. અરીસાને લીલા રંગથી દેખે તો લીલો દેખાશે ને પ્રકાશ તરફથી જુએ તો અરીસો પ્રકાશમય ભાસે. મોરનું પ્રતિબિંબ અરીસાનું મૂળ સ્વરૂપ નથી. પણ પ્રકાશમય અથવા સ્વચ્છતામય તેનું સ્વરૂપ છે; તેમ પુણ્ય-પાપના અશુદ્ધ પરિણામથી જુએ તો આત્મા વિકારમય દેખાશે પણ દ્રવ્યદૃષ્ટિથી જુએ તો આત્મા શુદ્ધ જ્ઞાનમય દેખાય છે. જેની દૃષ્ટિ શુદ્ધ પદાર્થ ઉપર છે તેની મુક્તિ છે ને કર્મદૃષ્ટિથી અવલોકે તો સંસાર છે. વિકારદૃષ્ટિથી આત્મામાં વિકાર જ ભાસે છે, શરીરદૃષ્ટિથી શરીરમય ભાસે છે પણ પોતે જ્ઞાનાનંદ છે એમ નિજ તરફ જુએ તો વિકાર ને શરીરરૂપ ન ભાસે; માટે દુઃખરૂપ પરદૃષ્ટિ ન કરો કારણ કે દુઃખરૂપ પરદૃષ્ટિ સંસારનું કારણ છે. તેનાથી આત્માનો અનુભવ થશે નહિ. (ક્રમશઃ) ❋

**માનથંભ પાષાન આન પાષાન પટંતર,**
**એસે ઔર અનેક રતન દીખૈં જગ અંતર;**

# મુ...મુ....ક્ષુ....ની
# વિ...ચા...ર...ણા

હે જીવ ! તને એમ અંતરમાં લાગવું જોઈએ કે આત્માને ઓળખ્યા વગર છૂટકો નથી. આ અવસરમાં જો હું મારા આત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ નહિ કરું તો મારો ક્યાંય છૂટકારો નથી. અરે જીવ ! વસ્તુના ભાન વગર તું ક્યાં જઈશ ?—તને સુખશાંતિ ક્યાંથી મળશે ? તારી સુખશાંતિ તારી વસ્તુમાંથી આવશે કે બહારથી ? તું ગમે તે ક્ષેત્રે જા, તું તો તારામાં જ રહેવાનો, અને પરવસ્તુ પરવસ્તુમાં જ રહેવાની. પરમાંથી ક્યાંયથી તારું સુખ નથી આવવાનું. સ્વર્ગમાં જઈશ તો ત્યાંથી પણ તને સુખ નથી મળવાનું. સુખ તો તને તારા સ્વરૂપમાંથી જ મળવાનું સુખ તો તને તારા સ્વરૂપમાંથી જ મળવાનું છે, માટે સ્વરૂપને જાણ. તારું સ્વરૂપ તારાથી કોઈ કાળે જુદું નથી, માત્ર તારા ભાનના અભાવે જ તું દુઃખી થઈ રહ્યો છે. તે દુઃખ દૂર કરવા માટે ત્રણે કાળના જ્ઞાનીઓ એક જ ઉપાય બતાવે છે કે ‘‘આત્માને ઓળખો.’’

—આ પ્રમાણે અંતર્ વિચારણા દ્વારા મુમુક્ષુ જીવ પોતામાં સમ્યગ્દર્શનની લગની લગાડીને પોતાના આત્માને તેના ઉદ્યમમાં જોડે છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—શ્રુતજ્ઞાન ત્રિકાળી પદાર્થને પરોક્ષ જાણે છે તેથી તેમાં જ નય હોય છે–આમ કહ્યું છે, શું તેમાં કોઈ રહસ્ય છે?**

ઉત્તર :—હા રહસ્ય છે; તેમાંથી એવો ન્યાય નીકળે છે કે દ્રવ્યાર્થિકનય મુખ્ય છે ને પર્યાયાર્થિકનય ગૌણ છે. ત્રિકાળી પદાર્થનું જ્ઞાન હોય તો જ તેના અંશના જ્ઞાનને પર્યાયાર્થિકનય કહેવાયો. જ્યારે દ્રવ્યાર્થિકનયથી ત્રિકાળી દ્રવ્યને જાણ્યું ત્યારે તેના પર્યાયરૂપ અંશને જાણનાર જ્ઞાનને પર્યાયાર્થિકનય કહેવાયો. ત્રિકાળી દ્રવ્યની સન્મુખ થઈને તેને જાણ્યું ત્યારે જ તેના અંશના જ્ઞાનને વ્યવહારનય કહેવાયો. ત્રિકાળીના જ્ઞાન વગર અંશના જ્ઞાનરૂપ વ્યવહારનય હોય નહિ. એટલે એ વાત નક્કી થઈ કે નિશ્ચય વિના વ્યવહાર નહિ. દ્રવ્યના જ્ઞાન વિના પર્યાયનું જ્ઞાન નહિ. વ્યવહારનય તો અંશને જાણે છે, અંશ કોનો? કે ત્રિકાળી પદાર્થનો તો તે ત્રિકાળી પદાર્થના જ્ઞાન વિના અંશનું જ્ઞાન યથાર્થ થાય નહિ. શ્રુતજ્ઞાન પણ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તરફ વળે તો જ તેમાં નય હોય છે. ત્રિકાળીના જ્ઞાન વગર એકલી પર્યાયને કે ભેદને જાણવા જાય તો ત્યાં પર્યાયબુદ્ધિનું એકાંત થઈ જાય છે, મિથ્યાત્વ થઈ જાય છે, તેમાં નય હોતા નથી. આત્મા નિત્ય છે, શુદ્ધ છે—એવું જાણનાર નયો ત્રિકાળી પદાર્થના જ્ઞાન વિના હોય નહિ. અને શુદ્ધતા, નિત્યતા વગેરેને જાણ્યા વગર એકલી અશુદ્ધતાને કે અનિત્યતાને જાણવા જાય તો ત્યાં એકાંત મિથ્યાત્વ થઈ જાય છે, એટલે ત્યાં વ્યવહારનય પણ હોતો નથી.

**પ્રશ્ન :—મતિશ્રુતજ્ઞાની આત્માને પ્રત્યક્ષ અનુભવે છે તેમ કહ્યું છે અને તત્ત્વાર્થસૂત્રમાં તો મતિશ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું છે ને?**

ઉત્તર :—પ્રત્યક્ષ જાણવું એ તો આત્માનો સ્વભાવ છે. અનુભવમાં સમકિતી આત્માને (અનુભવની અપેક્ષાએ) પ્રત્યક્ષ જાણે છે. જાણવાની અપેક્ષાએ પરોક્ષ છે.

**પ્રશ્ન :—''પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી'' એ કથનનો શું આશય છે?**

ઉત્તર :—પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી ત્યાં એમ કહેવું છે

**દેખત દૃષ્ટિપ્રમાન માનમદ તુરત મિટાવૈ,**
**જો તુમ નિકટ ન હોય શક્તિ યહ ક્યોં કર પાવૈ. ૯.**

કે અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાંત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણજ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યસન્મુખ ઢળી શકતો નથી.

દ્રવ્ય પર્યાયનો દાતા નથી તેમ યોગસારમાં આવે છે. એ કથન દ્રવ્યાર્થિકનયનું છે અને દ્રવ્ય પર્યાયરૂપે પરિણમે છે એ કથન પર્યાયર્થિકનયનું છે. ત્યાં દ્રવ્યસામાન્ય તો સામાન્યરૂપે જ રહ્યું છે. પણ દ્રવ્યનો એક ધર્મ વિશેષપણે પરિણમવાનો છે તેથી દ્રવ્ય પરિણમે છે તેમ કહ્યું છે.

સમયસાર ગાથા ૫૦ થી ૫૫ માં અનુભૂતિને આત્મા કહ્યો છે ત્યાં જેટલા વિકલ્પો ઉઠે છે તેનાથી ભિન્ન અને સ્વથી અભિન્ન કહેવું છે, તેથી અનુભૂતિની નિર્મળ પર્યાયને આત્મા કહ્યો છે. પણ જ્યારે એ અનુભૂતિ કેમ પ્રગટે છે તે બતાવવું હોય ત્યારે તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય તે સ્વ છે ને તેનો આશ્રય કરનાર પર્યાય તે પર છે; ભિન્ન છે તેમ નિયમસાર ગાથા ૫૦માં કહ્યું છે. એ અનુભૂતિની નિર્મળ પર્યાય ધ્રુવ દ્રવ્યને સ્પર્શતી નથી ને ધ્રુવ દ્રવ્ય અનુભૂતિને સ્પર્શતું નથી. અહો! આ તો પરમ અધ્યાત્મના અંદરના ગંભીર સૂક્ષ્મ ભાવો છે. જાણનક્રિયા અને ત્રિકાળી ધ્રુવ-દ્રવ્ય એ એક બીજાને સ્પર્શતાં નથી, છતાં જાણનક્રિયાનો આધાર આત્મદ્રવ્ય છે.

**પ્રશ્ન :—સાચું અને સર્વાંગી હોવા છતાં પણ પ્રમાણજ્ઞાન પૂજ્ય નથી, અને નિશ્ચયનય પૂજ્ય છે, તેનું શું કારણ?**

ઉત્તર :—આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે એમ પહેલાં જ્ઞાનમાં જાણવું જોઈએ. ભલે તે ભેદ-કથનનું જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન નથી, છતાં પહેલાં એ જાણવું તે જ્ઞાનનું અંગ છે. સમ્યક્ થતાં પહેલાં તે આવે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય સહિતનું દ્રવ્ય તે આખી વસ્તુ પ્રમાણજ્ઞાનનો વિષય છે. પહેલાં જ્ઞાનમાં તેને જાણવું જોઈએ. પ્રમાણજ્ઞાનમાં દ્રવ્ય-પર્યાય બે આવે છે તેથી તે વ્યવહારનયનો વિષય હોવાથી પૂજ્ય નથી. નિશ્ચયનયનો વિષય એક ત્રિકાળી શુદ્ધાત્મા છે તેથી નિશ્ચયનયને પૂજ્ય કહ્યું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વસ્તુ વ્યાપ્ય હોવા છતાં શુદ્ધનય એકરૂપ શુદ્ધાત્માને બતાવે છે કે એક પ્રત્યક્ષ પ્રતિભાસરૂપ સકલ નિરાવરણ નિત્ય નિરંજન નિજ શુદ્ધાત્મદ્રવ્ય તે જ હું છું. દ્રવ્ય-ગુણ-પર્યાયમય વસ્તુ હોવા છતાં આશ્રય કરવા માટે શુદ્ધાત્મા જ એક છે તેમ શુદ્ધનય નિર્ણય કરાવે છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન* :—**આત્માનું સ્વરૂપ બોલવામાં જેટલું સહજ દેખાય છે એટલું સહજ અમને પ્રાપ્ત થાય ખરૂં?

**સમાધાન :—**સ્વભાવ સહજ છે, પણ અનાદિનો વિભાવમાં પડેલો છે એટલે સહજ દેખાતું નથી. તેના જ્ઞાન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ બધા ગુણો અનાદિ-અનંત સહજ છે. તેમ જ વસ્તુ પોતે પણ સહજ છે, કોઈએ બનાવી નથી. જે સ્વભાવ હોય તે સહજ હોય, તથા પોતાના સ્વભાવમાં જવું તે પણ સહજ છે; પણ પરપદાર્થને પોતાના કરવા તે અશક્ય છે. જડ અને ચેતન પોતાનું કાર્ય જુદું-જુદું કર્યા કરે છે. જડ પોતાનું થતું નથી. ક્યાંથી થાય? કેમકે જડ અને ચૈતન્ય બંને જુદાં છે ને જુદાં હોય તે એક ક્યાંથી થાય? આમ જડ પોતાનું થતું નથી. પણ ચૈતન્યને—પોતાને ગ્રહણ કરીને પોતારૂપ થવું તે સહજ છે. પોતાના સ્વભાવરૂપે પરિણમવું તે સહજ છે. જેમ પાણી શીતળ છે તેને શીતળતારૂપે પરિણમવું તે સહજ છે. પાણી અગ્નિના નિમિત્તે ગરમ થયું, પણ તેને શીતળ થવું સહજ છે, કારણ કે તે પાણીનો સ્વભાવ હોવાથી અગ્નિથી છૂટું પડે એટલે શીતળ થઈ જ જાય છે. પણ પાણીને એમ ને એમ ગરમ રાખ્યા કરવું તે અશક્ય છે. તેમ અનંતકાળ ગયો તો પણ જીવ શરીરરૂપે થયો નથી, તે રૂપે થવું અશક્ય છે કારણ કે પરપદાર્થ છે તેની સાથે રહે તો પણ જડરૂપે થાય નહિ. આત્મા પોતા તરફ વળે, જ્ઞાયકને ગ્રહણ કરે તો થોડા જ કાળમાં સ્વાનુભૂતિ અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે, કારણ કે તે પોતાનો સ્વભાવ છે. તેને માટે અનંતકાળ જોઈતો નથી. પરપદાર્થને પોતાના કરવામાં અનંતકાળ ગયો, તો પણ પોતાના થયા નહિ. જ્યારે પોતાને ગ્રહણ કરવામાં અનંતકાળ જોઈતો જ નથી, અસંખ્ય સમયમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે પોતાને ગ્રહણ કરવો—પોતાની પ્રાપ્તિ કરવી તે સહજ છે.

***પ્રશ્ન* :—**'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્યને માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે' આ બોલ વિશેષ સમજાવવા કૃપા કરશોજી.

પ્રભુતન પર્વતપરસ પવન ઉરમેં નિવહૈ હૈ,
તાસોં તતછિન સકલ રોગરજ બાહિર હ્વૈ હૈ;

**સમાધાન :—**દ્રવ્યને બીજાં સાધનોની રાહ જોવી પડે નહિ. બીજાની રાહ જોવી પડે તો તે દ્રવ્ય શેનું? જો તેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી પડે તો તે દ્રવ્ય પોતે નબળું પડી ગયું. પણ દ્રવ્ય પોતે અનંતશક્તિવાળું છે. તેને સાધનોની રાહ જોવી ન પડે કે સાધનો નથી તો હવે કેમ આગળ જવાય?—એવું તેને નથી કારણ સ્વયં પરિણતિ કરનારું દ્રવ્ય છે, તેથી સ્વયં જ તેના કાર્યની પરિણતિ થાય છે. કુદરતી દ્રવ્ય સ્વતઃસિદ્ધ છે. બીજાં સાધન હોય તો દ્રવ્ય ઊભું રહે એમ ન હોય, તે અનાદિથી પોતે પોતાથી જ શાશ્વત ટકેલું છે. તેની પરિણતિના દરેક કાર્યમાં પોતે સ્વતંત્ર છે. દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય, જ્ઞાનની પરિણતિ થાય અને લીનતા વધે એ બધું પરિણમન પોતે સ્વયં કરનારો છે. પોતાના પરિણમનની ગતિ—પુરુષાર્થની ગતિ તે પોતે જ કરે છે. તેની પરિણતિ થાય તેમાં સાધનો આવ્યાં નહિ અને સાધનોની રાહ જોવી પડે તો દ્રવ્ય જ કહેવાય નહિ. આવું પરાધીન દ્રવ્ય હોઈ શકે જ નહિ. કુદરતની અંદર એવું દ્રવ્ય હોય જ નહિ. સાધન સ્વયં આવી ઊભાં રહે, પોતાને રાહ જોવી પડતી નથી. પોતે સ્વયં પોતાની પરિણતિનો કરનારો છે.

જ્ઞાનનું આખું ચક્ર પોતાથી જ ચાલી રહ્યું છે. તે કર્મને લઈને થતું નથી, અથવા સાધનો મળ્યાં નથી એટલે થતું નથી એમ નથી, પણ પોતાની કચાશને કારણે પોતે અટક્યો છે. પોતે પુરુષાર્થ કરે તો પોતે આગળ જાય છે. માટે તેના કાર્ય માટે સાધનોની જરૂર પડતી નથી. સાધન માટે રોકાવું પડે તો તે દ્રવ્ય જ નથી. એવું પરાધીન દ્રવ્ય હોઈ શકે જ નહિ.

***પ્રશ્ન :—***આપ ઉપાદાન ઉપર જોર વધારે આપો છો, જ્યારે શ્રીમદ્‌જીનું વાંચીએ ત્યારે તેઓ નિમિત્ત ઉપર વિશેષ વજન આપતા હોય તેમ અમને લાગે છે.

**સમાધાન :—**એવું હોતું નથી. બધાનો કહેવાનો આશય એક જ છે. દરેકને એમ કહેવું છે કે તું કર તો થાય. કોઈ નિમિત્ત તરફથી ભલે વાત કરતા હોય, પણ કરવાનું પોતાને જ છે. કોઈ વ્યવહાર તરફથી વાત કરતા હોય એટલે તે વ્યવહારનું કહે છે અને બીજા અધ્યાત્મનું કહે છે એમ કહેવાય નહિ. બધાનો આશય એક જ હોય છે. બધા ભાવલિંગી મુનિ મુક્તિના માર્ગે હતા. છતાં કોઈ વ્યવહારનાં શાસ્ત્રો રચે, તેથી તે બીજું કહે છે એમ હોય નહિ. બધાનો આશય એક જ હોય છે.

***પ્રશ્ન :—***'આનંદનો દિવસ' એમાં આપે જે લખ્યું છે કે 'ચૈતન્ય ભગવાન પોતાના નિર્વિકલ્પ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા,–રમી રહ્યા હતા' આ વાક્ય તો કોઈ ગજબનું છે!

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

જાકે ધ્યાનાહૂત બસો ઉરઅંબુજમાંહીં,
કૌન જગત ઉપકારકરન સમરથ સો નાહીં. ૧૦.

## બાળ વિભાગ

# નિર્વિચિકિત્સા—અંગમાં પ્રસિદ્ધ ઉદયનરાજાની કથા

સૌધર્મ—સ્વર્ગમાં દેવસભા ભરાણી છે અને ઈન્દ્રમહારાજ દેવોને સમ્યગ્દર્શનનો મહિમા સમજાવી રહ્યા છે : અહો દેવો ! સમ્યગ્દર્શનમાં આત્માનું કોઈ અનેરું સુખ છે. એ સુખ પાસે સ્વર્ગના વૈભવની કાંઈ જ ગણતરી નથી. આ સ્વર્ગલોકમાં સાધુદશા નથી થઈ શકતી, પરંતુ સમ્યગ્દર્શનની આરાધના તો અહીં પણ થઈ શકે છે.

મનુષ્યો તો સમ્યક્ત્વની આરાધના ઉપરાંત ચારિત્રદશા પણ પ્રગટ કરીને મોક્ષ પામી શકે છે. ખરેખર, જે જીવો નિઃશંકતા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા વગેરે આઠઅંગસહિત શુદ્ધ સમ્યગ્દર્શનના ધારક છે તેઓ ધન્ય છે. એવા સમ્યગ્દષ્ટિજીવોની આપણે અહીં સ્વર્ગમાં પણ પ્રશંસા કરીએ છીએ.'

એક દેવે પૂછ્યું : 'પ્રભો ! અત્યારે ભરતક્ષેત્રમાં એવા કોઈ જીવો છે ?'

ઈન્દ્ર મહારાજે કહ્યું : 'હા, અનેક છે. અત્યારે કચ્છદેશમાં રાજા ઉદયન આવા સમ્યક્ત્વથી શોભી રહ્યા છે ને સમ્યક્ત્વના આઠ અંગોનું પાલન કરી રહ્યા છે; તેમાં પણ નિર્વિચિકિત્સાઅંગના પાલનમાં તેઓ ઘણા દૃઢ છે. મુનિવરોની સેવામાં એવા તત્પર છે કે ગમે તેવા રોગાદિ હોય તોપણ તેઓ જરાય જુગુપ્સા કરતા નથી ને દુર્ગંછા વગર પરમભક્તિથી ધર્માત્માઓની સેવા કરે છે. ધન્ય છે એને ! તેઓ ચરમશરીરી છે.'

રાજાના ગુણની આવી પ્રશંસા સાંભળીને વાસવ નામના એક દેવને તે નજરે જોવાનું મન થયું...અને તે સ્વર્ગમાંથી ઊતરીને મનુષ્યલોકમાં આવ્યો.


✻ ❁ ✻

ઉદાયન રાજા એક મુનિરાજને દેખીને ભક્તિપૂર્વક આહારદાન માટે પડગાહી રહ્યા છેઃ પધારો... પધારો.... પધારો. રાણી સહિત ઉદાયન રાજા નવધાભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન દેવા લાગ્યા.

અરે ! પણ આ શું ? ઘણા માણસો ત્યાંથી દૂર ભાગવા લાગ્યા, ઘણા માણસો મુખ આગળ કપડું ઢાંકવા લાગ્યા...કેમકે એ મુનિને કાળા-કૂબડા શરીરમાં ભયંકર કોઢનો રોગ હતો ને તેમાંથી અસહ્ય દુર્ગંધ છૂટતી હતી, હાથપગના આંગળાંમાંથી પરુ વહેતું હતું.

પરંતુ, રાજાને તો એનું કાંઈ લક્ષ નથી; તે તો પ્રસન્ન થઈને પરમ ભક્તિથી

જનમ જનમકે દુઃખ સહે સબ તે તુમ જાનો,
યાદ કિયે મુઝ હિયે લગૈ આયુધસે માનોં;




એકચિત્તે આહારદાન દઈ રહ્યા છે ને પોતાને ધન્ય માને છે કે અહા! રત્નત્રયધારી મુનિરાજ મારા આંગણે પધાર્યા! એમની સેવાથી મારું જીવન સફળ છે.

એવામાં મુનિના પેટમાં એકાએક ઉછાળો આવ્યો ને એકદમ ઊલટી થઈ; તે ગંદી ઊલટી રાજા-રાણીના શરીર ઉપર પડી. એકદમ ગંધાતી ઊલટી પોતાના ઉપર પડવા છતાં રાજા-રાણીને જરાપણ ગ્લાનિ ન થઈ કે મુનિરાજ પ્રત્યે જરાપણ અણગમો ન આવ્યો, પણ અત્યંત સાવધાનીથી તેઓ મુનિરાજનું દુર્ગંધી શરીર સાફ કરવા લાગ્યા અને એમ વિચારવા લાગ્યા કે અરેરે! અમારા આહારદાનમાં કાંઈક ભૂલ થઈ ગઈ લાગે છે કે જેને કારણે મુનિરાજને આટલું બધું કષ્ટ પડ્યું! મુનિરાજની પૂરી સેવા અમારાથી ન થઈ શકી!

હજી તો રાજા આમ વિચારે છે, ત્યાં તો તે મુનિ એકાએક અલોપ થઈ ગયા ને તેમના સ્થાને એક દેવ દેખાયો; અત્યંત પ્રશંસાપૂર્વક તેણે કહ્યું : 'હે રાજન્! ધન્ય છે તમારા સમ્યક્ત્વને અને ધન્ય છે તમારી નિર્વિચિકિત્સાને! ઇન્દ્રમહારાજે તમારા ગુણની જેવી પ્રશંસા કરી હતી એવા જ ગુણ મેં નજરે જોયા. રાજન્! મુનિના વેશે હું જ તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. ધન્ય છે આપના ગુણોને...' એમ કહીને દેવે તેને નમસ્કાર કર્યા.

ખરેખર કોઈ મુનિરાજને કષ્ટ નથી થયું એમ જાણીને રાજાનું ચિત્ત પ્રસન્ન થયું અને તેણે કહ્યું : 'હે દેવ! આ મનુષ્ય શરીર તો સ્વભાવથી જ મલિન છે ને રોગાદિનું ઘર છે. તે અચેતન શરીર મેલું હોય તેથી આત્માને શું? ધર્મીનો આત્મા તો સમ્યક્ત્વાદિ પવિત્ર ગુણોથી શોભે છે. શરીરની મલિનતા દેખીને ધર્માત્મા ગુણ પ્રત્યે જે અણગમો કરે છે તેને

તુમ દયાલ જગપાલ સ્વામિ મૈ શરન ગહી હૈ,
જો કછુ કરનો હોય કરો પરમાન વહી હૈ. ૧૧.

આત્માની દૃષ્ટિ નથી પણ દેહની જ દૃષ્ટિ છે. અરે! ચામડાના શરીરથી ઢંકાયેલો આત્મા અંદર સમ્યગ્દર્શનના પ્રભાવથી શોભી રહ્યો છે, તે પ્રશંસનીય છે.'

ઉદયન રાજાની આવી સરસ વાત સાંભળીને તે દેવ ઘણો પ્રસન્ન થયો અને તેમને અનેક વિદ્યાઓ આપી, વસ્ત્રાભૂષણ આપ્યાં પણ ઉદયન રાજાને ક્યાં તેની વાંછા હતી? તેઓ તો બધો પરિગ્રહ છોડીને વર્દ્ધમાન ભગવાનના સમવસરણમાં ગયા અને દીક્ષા લઈ મુનિ થઈ કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષ પામ્યા. સમ્યગ્દર્શનના પ્રતાપે તેઓ સિદ્ધ થયા, તેમને નમસ્કાર હો!!!

(આ નાની કથા આપણને એવો મોટો બોધ આપે છે કે ધર્માત્માના શરીરાદિને અશુચિ દેખીને પણ તેના ધર્મ પ્રત્યે ગ્લાનિ ન કરો! તેના સમ્યક્ત્વાદિ પવિત્રગુણોનું બહુમાન કરો!)

## નિર્વિચિકિત્સા–અંગનું વર્ણન

જેણે આત્મા અને શરીરને ભિન્ન જાણ્યા છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવ, શરીરમાં અશુચિ દેખીને આત્માના ધર્મ પ્રત્યે ગ્લાનિ કરતા નથી; એટલે કોઈ મુનિ વગેરે ધર્માત્માનું શરીર મલિન કે રોગવાળું દેખીને તેમના પ્રત્યે ઘૃણા–દુર્ગંછા થતી નથી પણ, શરીર મેલું હોવા છતાં અંદરમાં આત્મા તો ચૈતન્યધર્મોથી શોભી રહ્યો છે–તેનું બહુમાન આવે છે. આવા મેલા–કોઢિયા શરીરવાળાને તે કાંઈ ધર્મ હોય! એમ, ધર્મ પ્રત્યે દુર્ગંછાનો ભાવ થતો નથી. એવું સમ્યગ્દૃષ્ટિનું નિર્વિચિકિત્સા–અંગ છે.

સર્વજ્ઞના દેહમાં તો અશુચિ હોતી જ નથી તેમજ તેમને રોગાદિ પણ હોતાં નથી. પણ, સાધક ધર્માત્મા મુનિ વગેરેને તો દેહમાં મલિનતા કે રોગાદિ પણ હોય. કોઈવાર શરીરમાં કોઢ થાય, શરીર ગંધાઈ જાય; તો તેને દેખીને ધર્મી વિચારે છે કે અહો! આ આત્મા તો અંદર સમ્યગ્દર્શનાદિ અપૂર્વ રત્નોથી શોભી રહ્યો છે, દેહ પ્રત્યે એમને કાંઈ મમત્વબુદ્ધિ નથી. રોગાદિ તો દેહમાં થાય છે ને દેહ તો સ્વભાવથી જ અશુચિ છે. આમ, દેહ અને આત્માના ભિન્ન-ભિન્ન ધર્મો વિચારીને ધર્મી જીવ દેહની મલિનતા વગેરે દેખીને પણ ધર્માત્મા પ્રત્યે ગ્લાનિ કરતો નથી. પોતાના શરીરમાં પણ રોગાદિ મલિનતા થાય તો તેથી પોતાના ધર્મોથી તે ડગતો નથી કે ધર્મમાં શંકા કરતો નથી. મુનિઓ તો દેહ પ્રત્યે અત્યંત ઉદાસ છે, સ્નાનાદિ તેઓ કરતા નથી, દેહની શોભાનું કે દેહના શણગારનું તેમને લક્ષ નથી. તેઓ તો સ્વાનુભવરૂપી સ્નાનવડે આત્માને શોભાવનારા છે. રત્નત્રય તેમનો

> મરન સમય તુમ નામ મંત્ર જીવકતૈં પાયો,
> પાપાચારી શ્વાન પ્રાન તજ અમર કહાયો,

શણગાર છે. અહો! આવા મુનિઓને દેખતાં રત્નત્રયધર્મનાં બહુમાનથી તેમના ચરણોમાં શિર નમી પડે છે.

અરે! દેહ તો સ્વભાવથી જ અશુચીનું ધામ અને ક્ષણભંગુર છે અને ધર્માત્મા તો રત્નત્રયવડે સહજ પવિત્ર છે. શરીરમાં સુગંધ કે દુર્ગંધ એ જડનો ધર્મ છે. એવું કાંઈ નથી કે ધર્મીનું શરીર કાળું—કૂબડું ન જ હોય. કોઈનું શરીર કાળું—કૂબડું પણ હોય, અવાજ પણ ચોકખો ન નીકળતો હોય; તેથી શું? અંદર તો દેહથી ભિન્ન જ્ઞાનશરીરીપણે ધર્માત્મા પોતાને અનુભવે છે. સમંતભદ્રસ્વામી રત્નકરંડ—શ્રાવકાચારમાં કહે છે કે—

सम्यग्दर्शनसम्पन्नम् अपि मातङ्गदेहजम्।
देवा देवं विदुर्भस्मगूढाङ्गारन्तरौजसम्॥

ચાંડાલના શરીરમાં રહેલો સમ્યગ્દૃષ્ટિ આત્મા દેવ સમાન શોભે છે. રાખથી ઢંકાયેલ અગ્નિની ચીનગારી માફક દેહરૂપી રાખની અંદર સમ્યક્ત્વરૂપ ચૈતન્ય—ચીનગારીથી તે આત્મા શોભે છે, તે પ્રશંસનીય છે. આ રીતે, આત્માના સમ્યક્ત્વધર્મને ઓળખનાર જીવ શરીરાદિની અશુચિ દેખીને પણ ધર્માત્મા પ્રત્યે ઘૃણા—તીરસ્કાર કરતો નથી, પણ તેના પવિત્ર ધર્મ પ્રત્યે પ્રેમ અને આદર કરે છે; તેને નિર્વિચિકિત્સા—અંગ છે.

કોઈ ધર્મીને પુણ્ય ઓછા હોય—તેથી શું? પુણ્ય તો ઉદયભાવનું ફળ છે, તેનાથી આત્માની શોભા નથી. આત્મા તો સમ્યક્ત્વાદિથી જ શોભે છે. ધર્મમાં તો ગુણથી જ શોભા છે, કાંઈ પુણ્યથી શોભા નથી. એક તિર્યંચ—કૂતરું પણ જો સમ્યગ્દૃષ્ટિ હોય તો શોભે છે ને મિથ્યાદૃષ્ટિ મોટો દેવ હોય તોપણ શોભતો નથી. કોઈ ધર્મી ઓછા પુણ્યોદયને કારણે નિર્ધન—કદરૂપ હોય ને પોતે ધનવાન—રૂપવાન હોય તો તે કારણે ધર્મી બીજા સાધર્મીથી પોતાની અધિકતા માનતા નથી ને સામાનો તીરસ્કાર કરતા નથી; પણ તેના ગુણની પ્રીતિપૂર્વક આદર કરે છે કે વાહ! દેહાદિની આવી પ્રતિકૂળતા છતાં તે પોતાના ધર્મને સાધી રહ્યો છે. પુણ્યના તો અનેક પ્રકાર છે, તેમાં હીનાધિકતા હોય તેથી શું? અંદર ધર્મ ચીજ જુદી છે. આ રીતે દેહ અને આત્માના ધર્મોનું ભિન્નભિન્નપણું જાણે તેને દેહાદિની હીનતા દેખીને પણ ધર્માત્માના ગુણો પ્રત્યે અણગમાનો ભાવ થતો નથી પણ ગુણનો પ્રેમ આવે છે. આવું સમ્યક્ત્વનું ત્રીજું અંગ છે.

**જો મણિમાલા લેય જપૈ તુમ નામ નિરંતર,**
**ઇન્દ્રસંપદા લહૈ કૌન સંશય ઇસ અંતર. ૧૨.**

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

**સુવર્ણપુરી સમાચાર :—**

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૧૦ | : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૧૦ થી ૬-૩૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

* રાણપુર નિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) સ્વ. મહાસુખલાલ પ્રેમચંદ શેઠના ધર્મપત્ની પુષ્પાબેન (ઉ.વ. ૮૮)નું તા. ૨૩-૨-૨૦૨૦ના રોજ ધર્મના સંસ્કાર લઈને દેહ પરિવર્તન કરેલ છે.
* વીંછિયા નિવાસી અમૃતલાલ માણેકચંદ બોટાદરા (ઉ.વ. ૮૬)નું તા. ૧૬-૬-૨૦૨૦ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* બોટાદ નિવાસી (હાલ મુંબઈ) ભુપેન્દ્રભાઈ હિંમતલાલ ગોપાણીના ધર્મપત્ની ચારુબેન ભુપેન્દ્રભાઈ ગોપાણીનું ૩૦-૭-૨૦૨૦ના રોજ ટૂંકી માંદગીથી દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ધાર્મિક રુચિ ધરાવતા હતા.
* રાજકોટ નિવાસી ડૉ. જગદીશભાઈ મગનલાલ ઉદાણી (ઉ.વ. ૭૫)નું તા. ૨૪-૮-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* લાઠી નિવાસી (હાલ કાંદીવલી-મુંબઈ) શ્રી છોટાલાલ કેશવજી ભાયાણીના સુપુત્ર શ્રી શાંતિભાઈ (ઉ.વ. ૭૭) તા. ૫-૯-૨૦૨૦ના રોજ ટૂંકી બિમારીથી દેહ પરિવર્તન થયેલ છે
* વિંછીયા નિવાસી (હાલ બોટાદ) સ્વ. માણેકચંદ કરશનજીના પુત્ર સ્વ. પ્રાણલાલ માણેકચંદ (ઉ.વ. ૮૭) તા. ૧૬-૯-૨૦૨૦ના રોજ ટૂંકી માંદગીમાં દેહ પરિવર્તન થયેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રી પ્રતિ અતિ શ્રદ્ધાવંત હતા.
* વિંછીયા નિવાસી (હાલ-ઘાટકોપર-મુંબઈ) સ્વ. ધનજીભાઈ લહેરચંદ અજમેરાના પુત્ર નવીનભાઈ ધનજીભાઈ અજમેરા (ઉ.વ. ૮૬)નું તા. ૧૭-૯-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેમનામાં નાનપણથી જ ધર્મના સંસ્કારો સિંચાયેલા હતા. તેઓ ઘાટકોપર ભજનમંડળીના સભ્ય હતા.
* બેંગલોર નિવાસી (હાલ સોનગઢ) નિર્મળાબેન પ્રવીણભાઈ દોશી (ઉ.વ. ૮૮)નું તા. ૨૩-૯-૨૦૨૦ના રોજ બેંગલોર મુકામે દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢ રહી ધર્મલાભ લીધો હતો.

* વિંછીયા નિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) સ્વ. હીરાલાલ ભાયચંદ ડગલીના ધર્મપત્ની જયાબેન હીરાલાલ (ઉ.વ. ૯૩) તા. ૨૭-૯-૨૦૨૦ના રોજ ટૂંકી બિમારીમાં દેહ પરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી ધર્મલાભ લેતા હતા.
* ઉદેપુર નિવાસી (હાલ સોનગઢ) પવનકુમાર ચંદ્રસેન જૈન (ઉ.વ. ૭૫) ટૂંકી માંદગીથી તા. ૩૦-૯-૨૦૨૦ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ થયેલ છે. તેઓ ગુરુદેવશ્રીના શાસનની સેવા કરનાર અને આરાધક, વિદ્વાન અને આત્માર્થી પ્રવચનકાર હતા. સોનગઢમાં છેલ્લા ૩૫ વર્ષથી નિવાસસ્થાન બનાવી રહેતા હતા. ચારે અનુયોગના ઊંડા અભ્યાસી હતા. તેઓએ પૂજ્ય બહેનશ્રીની અંતરંગ કૃપા સંપાદિત કરી હતી. સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના શાસ્ત્રપ્રકાશન, કન્ટ્રક્શન વગેરે અનેક કાર્યોમાં તેમનું માર્ગદર્શન મળતું હતું.
* લાઠી નિવાસી (હાલ કાંદીવલી) મનુભાઈ છોટાલાલ ભાયાણીના ધર્મપત્ની મધુબેન (ઉ.વ. ૭૬)નો દેહ પરિવર્તન તા. ૪-૧૦-૨૦૨૦ના રોજ થયેલ છે.
* મુંબઈ નિવાસી સ્વ. શાંતાબેન બાલચંદભાઈ શાહના પુત્રવધૂ શ્રીમતી પુષ્પાબેન પ્રકાશભાઈ શાહ (ઉ.વ. ૭૮)નો તા. ૫-૧૦-૨૦૨૦ના રોજ દેહવિલય થયેલ છે.
* જબલપુર નિવાસી (હાલ સોનગઢ) શશીબેન લક્ષ્મીચંદ જૈન (—તેઓ બ્ર. આશાબેનના મોટા બહેન) તા. ૭-૧૦-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ છેલ્લા ૩૫ વર્ષથી સોનગઢ રહી ધર્મનો લાભ લેતા હતા.
* રાણપુર નિવાસી (હાલ રાજકોટ) શ્રી રમણિકલાલ વીરચંદભાઈ શાહ (—તેઓ બ્ર. શારદાબેના નાના ભાઈ) (ઉ.વ. ૮૦) નું તા. ૭-૧૦-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સુરેન્દ્રનગર નિવાસી (હાલ વસઈ-મુંબઈ) શ્રી હસમુખલાલ ધીરજલાલ શેઠનાં ધર્મપત્ની નયનાબેન (ઉ.વ. ૭૧)નું ટૂંકી બિમારીથી તા. ૯-૧૦-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* જામનગર નિવાસી નવલચંદ ત્રિભુવન બાવીસીના સુપુત્ર શ્રી સુરેશભાઈ (ઉ.વ. ૬૭) તા. ૧૨-૧૦-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

મનુષ્યપણાની દુર્લભતા શા માટે વર્ણવી ? કે ધર્મ સમજવા માટે ? જો ધર્મ ન સમજે તો મનુષ્યપણું હારી જાય છે. અનંતવાર મનુષ્યપણું પામ્યો. પણ આત્માની દરકાર ન કરી તેથી પાછો સંસારમાં જ રખડ્યો. માટે આત્માની સમજણ કરી લેવા જેવી છે. સત્સમાગમે સાધુ—સંત પુરુષો પાસેથી ચૈતન્યસ્વભાવનું શ્રવણ કરીને તેનો નિર્ણય કરવો જોઈએ. અહો! મનુષ્યપણાની આવી દુર્લભતા સમજીને તો ચૈતન્યને જ ધ્યેય બનાવવા જેવો છે, જેણે ચૈતન્યને ધ્યેય ન બનાવ્યો ને એકલા પરને જ ધ્યેય બનાવ્યું તે જીવ સ્વવિષયને ચૂકીને પરવિષયોમાં રમે છે, તે કેવો છે ? કે રાખને માટે રત્નને બાળી નાખે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

## (૮૭)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) સમ્યક્‌દર્શનજ્ઞાનચારિત્રાણિ..................

(૨) નિશ્ચયથી પોતાનો આત્મા.............................. અને શરણ છે.

(૩) ................. અને ................ દેવે પાર્શ્વનાથ ભગવાનની ઉપસર્ગ સમયે રક્ષા કરી હતી.

(૪) આહારવર્ગણા આદિ ૨૨ ભેદ ..................... ના છે.

(૫) અનિત્ય આદિ ....................... ભાવના હોય છે.

(૬) સમયસારની ........................ ગાથાને સમયસારનો પ્રાણ કહેવાય છે.

(૭) ............................... પર્વમાં દેવો નંદીશ્વર દ્વીપમાં જતાં હોય છે.

(૮) પૂજ્ય ગુરુદેવશ્રી પાંચ સમવાયમાં................. ને મુખ્યતાં આપતાં હતાં.

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ નાનપણમાં નાટક જોઈને .......................... સૌ પ્રથમ કડીવાળું કાવ્ય બનાવ્યું હતું.

(૧૦) આત્મભ્રાંતિ સમ ..................... સદ્‌ગુરુ વૈદ સુજાણ;<br>.................................... પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.

(૧૧) મોક્ષમાર્ગ ................. નથી પણ તેનું નિરૂપણ .................... પ્રકારે છે.

(૧૨) ભગવાન કુંદકુંદાચાર્યદેવ .................... ના પહાડ ઉપરથી વિદેહક્ષેત્રમાં આઠ દિવસ માટે ગયા હતા.

(૧૩) જ્ઞાનીની દશા પૂર્ણ ન થાય ત્યાં સુધી ................. ધારા અને ...................... ધારા સાથે રહે છે.

(૧૪) ................ પુરુષો નિયમથી મોક્ષ જાય છે.

(૧૫) નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,<br>.........................................................<br>............................................... આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

(૧૬) શ્રી કુંદકુંદાચાર્યે સમયસાર ................. ભાષામાં લખેલ છે તથા શ્રી અમૃતચંદ્રાચાર્યે તેના ઉપર................ટીકા.............. ભાષામાં લખેલ છે.

(૧૭) બધા દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત હોય તેને...........દ્રવ્ય કહે છે.

(૧૮) રાગ આગ દાહ દહે સદા....................................

(૧૯) સમ્યક્ શ્રદ્ધા અને મિથ્યાશ્રદ્ધા એક સાથે રહેવામાં.......................... છે.

(૨૦) ...................... નાશ થયા વિના સાચા ધર્મની શરૂઆત થતી નથી.

## (૮૭)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં લખેલ ઉત્તરોમાંથી સાચો જવાબ લખો)

(૧) અનંતવીર્યસ્વામીનું લાંછન ક્યું છે ? ................. (સ્વસ્તિક, ચંદ્ર, હાથી)

(૨) સીમંધરાદિ વીસ વિહરમાન તીર્થંકરમાંથી ૧૧મા તીર્થંકર ભગવાનનું નામ શું ? ..................... (વીરસેનસ્વામી, વજ્રધરસ્વામી, ચંદ્રાનન સ્વામી)

(૩) સુમતિનાથ ભગવાનનો જન્મકલ્યાણક દિન ક્યો છે ? ..................... (ચૈત્ર સુદી ૧૧, પોષ સુદી ૧૧, કારતક સુદી ૫)

(૪) વર્તમાન અવસર્પિણી કાળના ૨૪ કામદેવમાં અંતિમ કામદેવ કોણ થયા ? ..................... (હનુમાન, જંબૂસ્વામી, નાગકુમાર)

(૫) ચૌદ ગુણસ્થાનમાંથી નવમા ગુણસ્થાનનું નામ શું છે ? ..................... (અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, ઉપશાંત મોહ)

(૬) સમવશરણમાં ૧૨ સભામાં કઈ ભૂમિ આવેલ છે ? ..................... (લતાભૂમિ, ઉપવનભૂમિ, શ્રીમંડપ)

(૭) વર્તમાન અવસર્પિણીકાળમાં કેટલા રુદ્ર થયા ? ......... (૧૨, ૧૧, ૧૪)

(૮) સનતકુમાર કામદેવ ક્યાંથી મોક્ષ ગયા ? ..................... (તારંગા, તુંગીગિરિ, સિદ્ધવરકૂટ)

(૯) મનઃપર્યયજ્ઞાનના કેટલા ભેદ છે ? ..................... (૪, ૩, ૨)

(૧૦) દશ પ્રાણમાંથી એકેન્દ્રિયજીવને કેટલા પ્રાણ હોય છે ? ............. (૩, ૪, ૫)

(૧૧) અભક્ષ્યમાં કોનો સમાવેશ નથી ? ..................... (દહીંવડા, ટમેટા, મધ)

(૧૨) સ્વર્ગલોકના અનુત્તર વિમાન કેટલા છે ? ..................... (૫, ૯, ૮)

(૧૩) રૌદ્રધ્યાનના કેટલા પ્રકાર છે ? ..................... (૮, ૪, ૨)

(૧૪) વર્તમાન હુંડાવસર્પિણીકાળમાં મહાવીર ભગવાન તથા પાર્શ્વનાથ ભગવાન સિવાય ત્રીજા ક્યા તીર્થંકર ઉપર ઉપસર્ગ થયેલ ? ..................... (ધર્મનાથ, સુપાર્શ્વનાથ, અરહનાથ)

(૧૫) છ દ્રવ્યમાં અરૂપી દ્રવ્યો કેટલા છે ? ..................... (૩, ૪, ૫)

(૧૬) અધર્માસ્તિકાય દ્રવ્યનું વિશેષ કાર્ય શું છે ? ..................... (ગતિહેતુત્વ, પરિણમનહેતુત્વ, સ્થિતિહેતુત્વ)

(૧૭) મચ્છર કેટલી ઇન્દ્રિયોવાળો જીવ છે ? ………………… (૫, ૪, ૨)

(૧૮) સિદ્ધોના નિવાસક્ષેત્રનો વ્યાસ કેટલો છે ? …………………
(૧ લાખ યોજન, ૪૫ લાખ યોજન, ૧૨ લાખ યોજન)

(૧૯) જંબૂદ્વીપની ૩૪ કર્મભૂમિમાં વિદેહક્ષેત્રની કેટલી છે ? ………. (૧૦, ૩૨, ૫)

(૨૦) મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ ભાવો દુઃખરૂપ હોવા છતાં તેને હિતરૂપ માની તેનું સેવન કરવું તે ક્યા તત્ત્વની ભૂલ છે ? ………………… (આસ્રવ, સંવર, નિર્જરા)

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન ઓક્ટોબર– ૨૦૨૦ના ઉત્તર

(૧) મંગલ
(૨) ગતિ પામેલ સર્વે, વંદી કહું શ્રુતકેવળી-ભાષિત (કથિત)
(૩) અકંપનાચાર્ય
(૪) અવગાહન,
(૫) શ્રેણિક,
(૬) પરમાણુ,
(૭) ઉપભોગ,
(૮) મહાપદ્મ,
(૯) પર્યુષણ
(૧૦) મારિચી,
(૧૧) ભક્તામર
(૧૨) મુનિ
(૧૩) સર્વજ્ઞ
(૧૪) ચાર ગતિ, પંચમ
(૧૫) આહારક,
(૧૬) ધ્યા અનુભવ તેહને તેમાં જ નિત્ય વિહાર કર.
(૧૭) યશોધર
(૧૮) માનતુંગાચાર્ય
(૧૯) વાસુપૂજ્ય…. ચંપાપુર
(૨૦) પ્રાકૃત

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર – ૨૦૨૦ના ઉત્તર

(૧) આર્જવ
(૨) સંયમ
(૩) તપ
(૪) ક્ષમા
(૫) તપ
(૬) આકિંચન્ય
(૭) બ્રહ્મચર્ય
(૮) શૌચ
(૯) ત્યાગ
(૧૦) ક્ષમા
(૧૧) માર્દવ
(૧૨) શૌચ
(૧૩) આકિંચન્ય
(૧૪) ત્યાગ
(૧૫) દર્શનવિશુદ્ધિ
(૧૬) પંચવિંશતિ
(૧૭) અષ્ટવિધ
(૧૮) ત્રયોદશવિધ
(૧૯) પરમાનંદ દશા વિસતારૈ આપ તિરૈ ઔરન તિરવાવૈ
(૨૦) ઈન બિન મુક્ત ન હોય, અન્ધ પંગુ અરૂ આલસી,

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● હું જાણનાર દેખનાર જ્ઞાતા છું—એમ વારંવાર અંતર્મુખ અભ્યાસ કરવાથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે ને ત્યારે વિકલ્પનું કર્તાપણું છૂટે છે. ૪૨૬.

● ચૈતન્યમૂર્તિ મુક્તસ્વરૂપ છે. ચૈતન્યમૂર્તિ, અનંતગુણનું અરૂપી સ્વરૂપ, તે અંદરમાં મુક્તસ્વરૂપ છે. એ મુક્ત સ્વરૂપનું અંદર ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્ત સ્વરૂપ પ્રગટ થાય છે. બાહ્યથી મુક્તસ્વરૂપ પ્રગટ થતું નથી. પણ અંદર જે પૂર્ણાનંદ સ્વરૂપ છે તેને દૃષ્ટિમાં લઈ તેનું ધ્યાન કરીને અંદરમાં સ્થિર થઈ જવાથી પર્યાયમાં મુક્તપણું પ્રગટ થાય છે. ધ્યાન કરતા તો આવડે જ છે ને ! આર્ત્તધ્યાન આદિ તો કરે જ છે ને ? છોકરાના લગ્નનો આખો વરઘોડો નીકળી જાય છતાં વિચારમાં-ધ્યાનમાં-વિકલ્પમાં એવો મશગૂલ થઈજાય કે ખબર ન પડે ! તેમ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુને ધ્યાનમાં લઈને ઠરી જા. ૪૨૭.

● આત્મામાં અનંતા ગુણો ભર્યા છે ને એક એક ગુણમાં અનંતા ગુણોનું રૂપ છે ને એક એક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત છે. તારો સ્વદેશ ભગવાન અનંત ગુણોની અદ્‌ભુત ઋદ્ધિથી ભરેલો છે. તેમાં એકવાર નજર કર તો તને સંતોષ થશે, આનંદ થશે. પુણ્ય-પાપના પરિણામમાં નજર કરતાં દુઃખ વેદાય છે. ૪૨૮.

● શુભરાગ થવો એ કાંઈ વિશેષ નથી. ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભભાવ થયા જ કરે છે. અરે ! નિગોદના જીવને કે જે અનાદિથી બહાર આવ્યો નથી ને અનંતકાળે પણ બહાર આવશે નહિ એવા નિગોદના જીવને પણ ક્ષણે શુભ ને ક્ષણે અશુભ રાગ આવ્યા કરે છે. એ કાંઈ વિશેષ વાત નથી. ધર્મીને જ્ઞાનધારા ક્ષણે-ક્ષણે ચાલ્યા કરે છે. એ જ્ઞાનધારા ચાલવી એ જ વિશેષ વાત છે. એ જ્ઞાનધારાથી જ સંસાર ભ્રમણ છૂટે છે. ૪૨૯.

● પ્રશ્ન :—અગિયાર અંગ ને નવ પૂર્વના જ્ઞાનવાળો પંચ મહાવ્રતોનું પાલન કરે છતાં આત્માનું જ્ઞાન કરવામાં તેને શું બાકી રહી ગયું ?

ઉત્તર :—અગિયાર અંગનું જ્ઞાન ને પંચ મહાવ્રતનું પાલન કરવા છતાં એને ભગવાન આત્માનું અખંડ જ્ઞાન કરવું બાકી રહી ગયું. ખંડખંડ ઇન્દ્રિયજ્ઞાન—અગિયાર અંગનું કર્યું હતું તે ખંડખંડ જ્ઞાન પરવશ હોવાથી દુઃખનું કારણ હતું. અખંડ આત્માનું જ્ઞાન કર્યા વિનાનું અગિયાર અંગનું જ્ઞાન નાશ પામતા કાળક્રમે નિગોદમાં પણ તે જીવ ચાલ્યો જાય છે. અખંડ આત્માનું જ્ઞાન કરવું તે જ મૂળ વસ્તુ છે. એના વિના ભવભ્રમણનો અંત આવતો નથી. ૪૩૦.

આત્મધર્મ
નવેમ્બર૨૦૨૦
અંક-૩ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-11-2020
Posted on 1-11-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**